આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

ઘરશાળા

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૪

સળંગ અંક : ૧૦૧૬

જુલાઈ-૨૦૨૫

વેરવૃત્તિ અને ક્રૂરતા

ગાંધીના જમાનામાં આ દેશની જનતાએ અહિંસાનો સ્વીકાર કર્યો હતો. એવો ભ્રમ કોઈને હોય તો તે કાઢી નાખજો. બીજો કોઈ વિકલ્પ નહોતો. શસ્ત્રો તો અંગ્રેજોએ છીનવી લીધાં હતાં. ત્યારે આ એક માણસ, બીજું કાંઈ નહીં તો, અંગ્રેજોને તોબાહ પોકારાવી શકતો હતો. એટલે જનતા એની પાછળ પાછળ ગઈ - પણ તેમાંય હિંસા અને જુઠ્ઠાણા માટે અવકાશ હતો ત્યાં સુધી જ ગઈ. ગાંધીના કાર્યક્રમમાં સત્ય ને અહિંસા હતાં, તે તો તેના પર જ છોડ્યાં! ગાંધીજીએ કહ્યું કે, હથિયાર નથી તો મારી પાછળ પાછળ આવો; ત્યારે લોકોએ કહ્યું કે, હા, તારી પાછળ આવીએ તો બીજું કરીએ પણ શું? પરંતુ હથિયાર વગર પણ જેટલો દ્વેષ થઈ શકશે તેટલો જરૂર કરીશું!

ગયા વિશ્વયુદ્ધ દરમિયાન અમે જેલમાં હતા ત્યારે ક્યારેક ચોરીછૂપીથી છાપાં મેળવી લેતાં. એમાં અમે જ્યારે વાંચતા કે હિટલરની જીત થઈ રહી છે, ત્યારે અમને લોકોને એટલો બધો આનંદ થતો કે જાણે અમારા પિતૃઓ સ્વર્ગમાં ગયા હોય! નિર્બળતા કે કાયરતામાંથી હમેશાં વૈરવૃત્તિ જાગે છે. અને વૈરવૃત્તિમાંથી ક્રૂરતા જ જન્મે છે. આવી ક્રૂરતા હિંદુ-મુસ્લિમ હુલ્લડો અને ભાષાકીય આંદોલનો વખતે આપણે જોયેલી છે.

– દાદા ધર્માધિકારી

ઘરશાળા

વર્ષ : ૮૫

સળંગ અંક : ૧૦૧૬ જુલાઇ - ૨૦૨૫

સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

સહતંત્રી : અશોકભાઈ સોમપુરા

વ્યવસ્થા અને સંકલન : કે. ડી. પટેલ

પરામર્શ : અમિતાબહેન પાલખીવાલા

અનુક્રમ

બાળ સ્વાતંત્ર્ય	/૪
સંપાદકીય : આપણી નદીઓને બચાવીએ	જ્યોતીન્દ્રભાઈ દવે /૫
બડો અફસોસ જગાડનાર શિક્ષક	ઈશ્વર પરમાર/૭
સંતાકૂકડી	મનસુખ સલ્લા/૧૬
શાળાકીય શિસ્ત	ડૉ. દિનેશકુમાર ડી. પરમાર/૨૧
નમ્રતા એટલે પ્રભુતા	રણછોડ શાહ/૨૩
ઑપરેશન સિંદૂર	અમિતાબેન પાલખીવાલા/૨૫
સરસ્વતી વિદ્યામંડળ, શૈક્ષણિક સેમિનાર	અશોક સોમપુરા/૩૨
શિક્ષણ, રોજગારી, આરોગ્ય અને સામાજિક ન્યાય ક્ષેત્રે કાર્યો કરવાની ખૂબ જ જરૂર છે	- ડૉ. ભાણજી એચ. સોમૈયા/૩૭
શિક્ષણ સમાચાર	અશોક સોમપુરા/૪૦

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩

email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

લવાજમ અંગેની માહિતી

લવાજમ	ભારત		પરદેશ	
વાર્ષિક	₹	૨૦૦	₹	૨૦૦૦
ત્રિવાર્ષિક	₹	૫૦૦	₹	૫૦૦૦
પાંચ વર્ષ	₹	૮૫૦	₹	૮૫૦૦

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઑફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

બાળ સ્વાતંત્ર્ય

હું પ્રાર્થના કરું છું કે હું મારા બાળકને એની પોતાની જિંદગી જીવવા દઉં, મેં જીવવાની ઇચ્છા કરી હતી તેવી જિંદગી નહિ; અને એટલે જે કરવામાં મને નિષ્ફળતા મળી હતી, તે કરવાનો બોજ તેના પર લાદવા સામે હે પ્રભુ, મને સાવધ રાખજે.

તેણે જે લાંબો માર્ગ કાપવાનો છે તેને ખ્યાલમાં રાખીને હું તેનું આજનું ખોટું પગલું જોઈ શકું એ માટે મને સહાય કરજે પ્રભુ. અને એની ધીમી ગતિ માટે ધીરજ રાખવા જેટલી ઉદારતા મને આપજે.

એની ઉંમરના નાનાં નાનાં તોફાનો સામે ક્યારે હસી લેવું અને તેને જેનો ભય લાગે છે ને જેના પર તે કાબૂ મેળવી શકતો નથી તેવા આવેગો સામે ક્યારે સંરક્ષક દૃઢતાથી કામ લેવું, તે જાણવા જેટલું ડહાપણ તું મને આપજે.

તેના ગુસ્સાભર્યા શબ્દોનો કોલાહલ ભેદીને કે તેના ગુમસૂમ મૌનની ખાઈ ઓળંગીને તેના હૃદયની વ્યથા સાંભળવામાં મને સહાય કરજે. હે પરમાત્મા! મને એ ઔદાર્ય આપજે જેથી અમારી વચ્ચેની ખાઈ હું હૂંફભરી સમજદારી વડે પૂરી દઈ શકું.

(સાભાર - 'પરમ સમીપે'માંથી)

સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

આપણી નદીઓને બચાવીએ

આજથી ૪૦ વર્ષ પહેલાં આ લખનાર ગુજરાતની મોટી ઔદ્યોગિક વસાહત 'વાપી' ખાતે બૅંક મેનેજર હતા. દમણગંગાના કિનારા ઉપર એક કેમિકલ ફેક્ટરી હતી. ફેક્ટરી માટે બૅંકે આર્થિક સહાય આપી હતી. ફેક્ટરી ખૂબ સારો નફો પણ કરતી હતી. બૅંકના નિયમ મુજબ દર વર્ષે ફેક્ટરીનો એકાઉન્ટ રીવ્યુ કરવાનો થયો. તે સમયમાં રીવ્યુ સમયે બૅંકના ટેક્નિકલ ઑફિસર ફેક્ટરીની ટેકનિકલ બાબતો ઉપર તેમનો રિપોર્ટ રજૂ કરતા. ટેક્નિકલ ઑફિસરે ફેક્ટરીની મુલાકાત લીધી અને મુલાકાત દરમિયાન જ ફેક્ટરીના મેનેજીંગ ડાયરેક્ટરને કહ્યું અમે એકાઉન્ટ રીવ્યુ નહીં કરીએ. કારણ કે ફેક્ટરીનું કેમિકલયુક્ત ગંદુ પાણી તમે દમણગંગામાં છોડો છો. જ્યાં સુધી Effluent plant નહીં બનાવો ત્યાં સુધી અમે અમારું ધીરાણ સ્થગિત કરીશું. તેમણે વધુમાં જણાવ્યું કે આ પાણીથી નદીનું પાણી પ્રદૂષિત થાય છે, જળચર માટે નુકસાનકર્તા તો છે જ પણ આગળના ગામોની વસ્તી અને ખેતી માટે પણ આ પાણી હાનિકારક છે.

આ વાત એટલા માટે યાદ આવી કે હમણાં સાબરમતી નદીનું સફાઇ અભિયાન ચાલે છે. સાબરમતીમાં ટન બંધ કચરો તો છે જ પણ શહેરની ગટર પણ તેમાં ઠલવાય છે. નરોડા/વટવા અને અન્ય ઔદ્યોગિક એકમોનું ટ્રીટ કર્યા વગરનું પાણી સાબરમતીમાં ઠલવાય છે. હાઈકોર્ટના કડક વલણ પછી પણ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સમાજના ગુનેગાર છે. અમદાવાદ પછીના આગળના ગામોની દશા જીવતા દોઝખ જેવી છે.

બે દિવસ પહેલા નર્મદા નદી જેને માટે આપણે ગુજરાતીઓ ગર્વ લઈએ છીએ તેમાં અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતનું ગંદુ પાણી છોડવાનું જાણવા મળ્યું છે. સમગ્ર નદીનું પાણી ફીણવાળું કેમિકલયુક્ત થયું છે. આ ગંભીર બાબત અંગે સરકારનું તંત્ર ઉદાસીન છે. પાછલા બે દાયકામાં ગુજરાતમાં ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ વધ્યું છે. ગામડામાં લોકો ખેતીમાંથી ઉદ્યોગો તરફ વળ્યા છે. નાના કસબાઓ હવે નગર બન્યા છે અને નગરો હવે શહેર અને મહાનગર બન્યા છે. નગર અને શહેરના કચરા અને ગંદા પાણીના નિકાલ માટે સ્થાનિક લોકો ઉદાસ અને બેજવાબદાર છે. કચરો અને મળ-મૂત્રનો કેમ નિકાલ કરવો તેની ગંભીરતા નથી. પરિણામ ગુજરાતના દરેક નગર કે શહેર પાસેથી પસાર થતી નદીઓ ગટર બની ગઈ છે. અમદાવાદ શહેર વચ્ચે કચરાનો ડુંગર નહીં પર્વત બન્યો છે. રોજના ટનબંધ કચરાને ક્યાં નાખવો તે પ્રશ્ન છે. અન્ય નગર અને શહેરો પાસે તો કોઈ આયોજન કે વ્યવસ્થા જ નથી તેમાં જરાય

અતિશયોક્તિ નથી.

ભારતની નદીઓ પર વિકસિત થયેલી સંસ્કૃતિ હવે સમસ્યારૂપ થઈ છે. એવું કહેવાય છે કે દિલ્હીથી મથુરા વચ્ચેની યમુના એક મોટી ગટર બની ગઈ છે. ગંગા સફાઈ અભિયાન ગોકળગાયની ગતિથી ચાલે છે. કિનારાના શહેરોની નગરપાલિકાઓ આ માટે સંવેદનશીલ નથી. પરિણામે હિન્દુઓની ગંગા-જમનાની સંસ્કૃતિ દેશ માટે સમસ્યા અને સામુહિક કલંક બની ગઈ છે.

આપણે બાળકોને પર્યાવરણ શીખવીએ છીએ પણ તે પરીક્ષાલક્ષી છે. ક્યારેક શહેરની તમામ શાળાઓના વિદ્યાર્થીઓએ 'નદીબચાવ'' આંદોલન કરી સરકાર અને નગરપાલિકાને ઢંઢોળવાની જરૂર છે.

આપણે માંદા કેમ પડીએ છીએ?

આપણે કદી વિચાર કર્યો છે કે આપણે માંદા કેમ પડીએ છીએ? માંદગી એમ વગર નિમંત્રણે તો નથી આવતી. પરમેશ્વરે તો આપણને લાંબુ અને નિરામય જીવી શકાય એવું શરીર આપ્યું છે. પરંતુ આપણા આહાર-વિહાર અને મનોવ્યાપારના દોષો એમાં અવરોધ ઊભો કરે છે. જેમ કોઈ આધુનિક કારખાનામાં કશી ખરાબી થાય તો તરત એનું સિગ્નલ મળે એવી સિસ્ટમ હોય છે. તેવું જ આપણા શરીરનું પણ છે. માંદગી આવે તે પહેલાં જાતજાતની ચેતવણી શરીર આપણને આપે છે. પણ આપણે તેના પર ધ્યાન જ આપતા નથી.

સાચી તંદુરસ્તી કોને કહેવાય? શરીર સ્વસ્થ હોય, મન સમતાવાળું હોય, આવેગો-સંવેગો પરેશાન કરતા ન હોય, અંતરાત્માની દિવ્યતા પ્રતિ ગતિ હોય અર્થાત્ શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક તંદુરસ્તી એ સાચી તંદુરસ્તી છે.

વિચાર કરશું તો જણાશે કે છેલ્લાં ૫૦-૬૦ વર્ષોમાં અનેક રોગો વધ્યા છે. આયુષ્ય લંબાયું છે પણ સ્વાસ્થ્ય લંબાયું નથી. કુદરતે તો આપણને રોગપ્રતિકારક શક્તિનું રક્ષાકવચ આપ્યું છે. પણ દૂષિત દિનચર્યા, દૂષિત વ્યવહારો અને દૂષિત ખાન-પાનથી આપણે સતત એ કવચને તોડતા રહીએ છીએ. પ્રગતિના નામે આપણે જળ-સ્થળ-નભને પ્રદૂષિત કરતા રહીએ છીએ. બેઠાડુ જીવન, સમયના આયોજનનો અભાવ, અપૂરતો આરામ, વ્યર્થ દોડાદોડી, આ બધી માંદગીની નિમંત્રણ પત્રિકાઓ છે.

સાચા સ્વાસ્થ્ય માટે મનુષ્યનું ભાવજગત પણ મહત્ત્વની ભૂમિકા ધરાવે છે. માંદગીની શરૂઆત મનથી થાય છે, છતાં મનની કાળજી તરફ આપણે બેદરકાર જ રહીએ છીએ. હકારાત્મક લાગણી, ધ્યાન, પ્રાર્થના એ બધું વિચારની ઊર્જાને શુદ્ધ કરે છે. વિચારનું શુદ્ધિકરણ શરીરને પણ સ્વસ્થ રાખે છે. આ વાત સમજીએ અને એના અમલીકરણમાં આગળ વધીએ.

બડો અફસોસ જગાડનાર શિક્ષક

- ઈશ્વર પરમાર

''રાજૂજા, એક બાબતનો મને બડો અફસોસ છે.''

''શાનો અફસોસ?''

''આપનો વિદ્યાર્થી થઇ શકું એટલો છોટો હું નથી તેનો.''

ત્રેપન વર્ષ (૧૯૩૯-'૯૨) દરમિયાનના અધ્યાપન દરમિયાન અનેક મોટેરાઓના મનમાં બડો 'અફસોસ' જગાડનાર અને હજારો વિદ્યાર્થીઓની ચાહના કમાનાર એ શિક્ષક તે ડૉ. દુષ્યન્ત પંડ્યા; અને 'બડો અફસોસ' કરનાર તે કવિવર રવીન્દ્રનાથ અને મહાત્મા ગાંધીજીના અંતેવાસી, ભક્ત અને મરમી શ્રી ગુરુદયાલ મલ્લિકજી. એમને પોતાનાથી નાના છતાં નક્કર શિક્ષક દુષ્યન્તભાઇ એટલા તો પ્રિય અનુભવાતા કે પત્રમાંય સંબોધન લખતા : ''પ્યારે રાજા દુષ્યન્ત!''

રાજા તો પ્યારમાં કહેવાયા; વાસ્તવમાં તો તેઓ રંક પરિવારનું ફરજંદ. જન્મદિવસ : તા. ૭-૩-૧૯૧૬. પોતે ચાર વર્ષના હતા ત્યારે પિતા ડોલરરાયનું અવસાન થયું. તે વખતે એમના મોટાભાઈ આઠ વરસના અને નાના ભાઈનો જન્મ તો બે માસ પછી થનાર હતો. પિતાજીના અવસાન પછી માતા માલતીબહેને બાળકો સાથે જામનગરમાં પોતાની માતા પ્રભાકુંવરમાનો આશરો લીધો.

વત્સલા નાનીમા પતરાવળ-પડિયા બનાવવાનો ગૃહઉદ્યોગ કરીને ઘર ચલાવતાં; એમાં નાનકડા દોહિત્રાઓ પણ ટેકો કરતા. કિશોરવયના દુષ્યન્તભાઈને નાનીમાના મુખથી મહાભારતથી માંડીને કમાવા ગયેલા પોપટની વાતો સાંભળવા મળી.

જામનગરમાં ખોજાને નાકે આવેલા તાલુકા શાળામાં પહેલાથી ચોથા ધોરણ લગીનું શિક્ષણ લીધું. મોટા માસ્તર હરિલાલ શુક્લે શ્રુતલેખન દ્વારા લઘુ-ગુરુ ઉચ્ચારોની સમજ આપવા ઉપરાંત હરિગીત ને વસંતતિલકા જેવા છંદોના નામ આપ્યા વિના તેનો છંદ લગાડ્યો. આ પછીની શાળા ન્યૂ ઈંગ્લિશ સ્કૂલમાં ધોરણ ૫-૬-૭માં પણ શિક્ષકો તાલીમ પામેલા ન હોવા છતાં કુશળ હતા. તેમની શાબાશી સાથે દુષ્યન્તભાઈએ સાતમું ધોરણ પાસ કર્યું. (૧૯૨૮)

હવે તેઓ જામનગરની નવાનગર હાઈસ્કૂલમાં દાખલ થયા. એકાદ-બે અપવાદોને બાદ કરતાં અહીંના શિક્ષકો એવા તો પ્રતાપી અનુભવાયા કે આગળ જતાં શિક્ષક જ થવાના ખ્યાલનું તરુણ દુષ્યન્તના ચિત્તમાં બીજરોપણ થયું. કારખાનિસ માસ્તરે ભૂમિતિના પ્રમેયોમાં ને ભૂગોળના નકશાઓમાં રસ જગાડ્યો; અંગ્રેજીના શિક્ષક એને અંગ્રેજી શીખવવાની તક આપતા. વર્ગમાં

બરાબર ધ્યાન આપવાથી એને બધું સરળતાથી યાદ રહી જતું. દર વર્ષે ઉત્તમ પરિણામ બદલ પ્રક્શિન્સિ કાર્ડ મળતું. ગાંધીજીએ દાંડીકૂચ કરી તે વર્ષે (૧૯૩૦) રજવાડી પહેરો કૂદીને ઝવેરચંદ મેઘાણીની કવિતાઓ જામનગરમાં ધસી આવી હતી. કુમાર દુષ્યન્ત પણ મિત્રો સાથે મસ્તીથી 'સૂના સમદરની પાળે' ગાતા.

મૅટ્રિકની પ્રીલિમનરી પરીક્ષા વખતે પાઠ્યપુસ્તકમાં છુપાવીને ર.વ.દેસાઈની નવલ 'દિવ્યચક્ષુ' વાંચનાર દુષ્યન્તભાઇએ મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી. (૧૯૩૩)

મૅટ્રિક પછી ઉચ્ચ અભ્યાસ માટે દુષ્યન્તભાઇ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં ગયા. અહીંનું વાતાવરણ એમનામાં વિદ્યા-રસ જગાડી શક્યું નહીં. પોતાને ત્રાસદાયક લાગતા તાસમાંથી છૂટવા મિત્રો સાથે કાળવા દરવાજા પાસેથી હૉટેલમાં સરકી જતા. તે વરસે કૉલેજનું પ્રથમ વર્ષનું પરિણામ તો પંચાણું ટકા આવ્યું; જે પાંચ ટકા નાપાસ થયા તેમાં એક દુષ્યન્તભાઇ પણ ખરા જ!

આર્થિક રાહત વિશેષ મળતી લાગે તો કૉલેજ બદલતા રહેતા દુષ્યન્તભાઇ આ પછી સુરતની એમ.ટી.બી. કૉલેજમાં ભણવા ગયા. અહીંના આચાર્યશ્રી નગીનદાસ શાહ કવિતા શીખવતા હોય તે રીતે ગણિત શીખવતા. વિજ્ઞાન અને અંગ્રેજીમાં રસ જગાડનાર અધ્યાપકો અહીં મળ્યા. પોતે સંસ્કૃતને બદલે ફ્રેંચ વિષય પસંદ કરેલો છતાં સંસ્કૃતના તાસમાં જાય અને 'માલવિકાગ્નિમિત્ર' માણે! પુસ્તકાલયમાં ઝડપભેર આવતા અને આવીને આસન જમાવતા. અધ્યાપકોની અધ્યયન-નિષ્ઠાથી વિદ્યાર્થી દુષ્યન્તભાઇ ખૂબ પ્રભાવિત થતા.

સુરતમાં કૉલેજનું પ્રથમ વર્ષ પાસ કર્યા પછી દુષ્યન્તભાઇ નાસિકની એચ.પી.ટી. કૉલેજમાં ગયા. અહીં અંગ્રેજી-ગુજરાતીના અધ્યાપક નટવરલાલ આચાર્યના સદ્ભાવ-સહકારને લીધે તેમને કૉલેજમાં અને મેસમાં ફી-માફી મળી. એ અધ્યાપકે બર્નાડ શોની કૃતિ શીખવતી વખતે વિદ્યાર્થીઓમાં શો માટે ઘેલું લગાડ્યું કે 'શો-સર્કલ' રચાયું; તે સર્કલના સભ્યો શોની કૃતિઓ વાંચીને મિટિંગમાં ચર્ચા કરતા; તેઓ પોતાના રૂમને તાળું ન મારતા છતાં ચમચી ખાંડ પણ ચોરાઈ ન હતી!

એક વખત દુષ્યન્તભાઇ બીમાર પડ્યા (૧૯૩૬) ત્યારે બધા અધ્યાપકો તેમને હિંમત આપવા હોસ્ટેલ-રૂમમાં આવ્યા. આરામ માટે ઘેર જામનગર જતા દર્દીને પ્રો. ટકાખાઉ કહે : ''તેં મારા વર્ગમાં નિયમિત હાજરી આપી છે એટલે તું પાછો નહીં આવે ત્યાં સુધી હું તારી હાજરી પૂરીશ અને મારી નોટ્સ આપીશ.'' પ્રિ. કુલકર્ણીએ કશી ચિંતા કર્યા વગર આરામ કરીને પાછા હાજર થવા માટે શુભેચ્છાઓ પાઠવી; પ્રા. નટવરલાલની આંખમાં આંસુ! દુષ્યન્તભાઇ બીજા સત્રના આરંભે સ્વસ્થ થઈને પાછા નાસિક આવી ગયા. અભ્યાસમાં ખોવાઇ ગયા. અંગ્રેજી-ગુજરાતી વિષય લઈને ઑનર્સ સાથે તેઓ બી.એ. પાસ થયા. (૧૯૩૮)

એમ.એ. કરવા માટે મુંબઇ ગયા. અહીં સાક્ષર શ્રી રામપ્રસાદ બક્ષીએ અભ્યાસ માટે આર્થિક બાબતે સધિયારો આપ્યો હતો; બે સત્રો ભર્યા પણ ખરાં; પરંતુ ભાઈની પાતળી આવક અને પારિવારિક જવાબદારી જોતાં દુષ્યન્તભાઈને નોકરી મળે તો સ્વીકારવાનું અનિવાર્ય લાગ્યું. તેવામાં પોતે જામનગર ગયા (૧૯૩૯) ત્યારે ત્યાંની નવાનગર હાઈસ્કૂલમાં એક બીમાર પડેલ શિક્ષકની અવેજીમાં કામચલાઉ નોકરી મળી.

તે શાળાના એક મુરબ્બી શિક્ષક કહે : ''પંડ્યા, દરેક વિદ્યાર્થીને જાસૂસ માનજે ને બોલાવવામાં ખૂબ સંભાળજે.'' એ નવા શિક્ષકથી વિદ્યાર્થીઓ માંડ પાંચેક વરસ નાના! છતાં માત્ર પંદર દિવસમાં એમની સાથે એવી આત્મીયતા બંધાઈ ગઇ ને પર્યટન પણ યોજ્યું. સમયાંતરે દુષ્યન્તભાઇને સમજાયું : એ વિદ્યાર્થી જાસૂસ તો હતા જ; પણ મા શારદાના.

શારદા મા વતી દરેક વિદ્યાર્થી જાસૂસી કરતો હોય છે કે પૂજારી-શિક્ષક પૂજામાં કંઈ અનુચિત તો નથી કરતોને?

'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં કરાંચીની પ્રસિદ્ધ શિક્ષણ-સંસ્થાની જાહેરાત વાંચીને દુષ્યન્તભાઇ ત્યાં પહોંચ્યા. (૧૬ માર્ચ, ૧૯૩૯)

શારદામંદિરના નિયામકની સ્વચ્છ-સુઘડ કચેરીમાં બાવીસ વર્ષના દુષ્યન્તભાઇએ નમસ્કાર કરીને અરજી આપી. નિયામકશ્રી મનસુખરામભાઇએ મલકાઈને પૂછ્યું : ''આ કોની અરજી છે?''

''મારી''

''આમાં તમારી સહી નથી!''

''લાવો, અહીં જ સહી કરી આપું જેથી આપને ખાતરી થાય કે અરજદાર હું જ છું!''

આટલી વાતમાં બંધાયેલા સ્નેહતંતુને સથવારે થોડા સવાલ-જવાબ પછી દુષ્યન્તભાઇની તત્કાળ નિમણૂક કરવામાં આવી અને દસમા ધોરણમાં ગુજરાતીનો તાસ લેવા જવાનું કહેવાયું!

વગર તૈયારીએ વર્ગમાં ગયા. પાઠ્યપુસ્તક લીધું. તેમાં પોતાને ગમતું કાવ્ય ભાળીને તેનો રસાસ્વાદ કરાવ્યો; અગિયારમા ધોરણમાં પણ એમ જ થયું. નવા શિક્ષકનો હુરિયો બોલાવવાની સંભાવના હવામાં ઓગળી ગઈ! એક સફળ શિક્ષક તરીકેની તેમની પ્રતિષ્ઠા જામવા માંડી. સંસ્થામાં અતિથિ-શિક્ષક તરીકે આવેલા ગુરુદયાલ મલ્લિક તો આ 'રાજા' દુષ્યન્ત પર ખુશ ખુશ! મનસુખરામભાઇએ પણ તેમને મન પડે તે પુસ્તકો મંગાવવાની અને શૈક્ષણિક પ્રયોગો કરવાની છૂટ આપી.

કરાંચીમાં એમ.એ.નો અભ્યાસ આગળ ચલાવવાની સગવડ ન હતી; ત્યાંના કેળવણીકાર ડોલરભાઈ માંકડે એમને પીએચ.ડી. માટે સાક્ષર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સાથે સંપર્ક કરાવી આપ્યો. સ્થાનિક અનૌપચારિક ગાઇડ તરીકે પણ સહાય કરવાનું સ્વીકાર્યું.

જાન્યુઆરી-'૪૦માં શારદામંદિરના રમોત્સવમાં રનિંગ કૉમેન્ટ્રી આપવાની જવાબદારી મનસુખરામભાઇએ તેમને સોંપી. એમની વ્યંગ-વિનોદભરી કૉમેન્ટ્રી સાંભળીને પ્રેક્ષકો ખુશ ખુશ થઇ ગયા. બસ, ત્યારથી એ વિદ્યાર્થી-પ્રિય શિક્ષક લોકપ્રિય પણ થયા! શારદામંદિરના પ્રદર્શનના ઉદ્‌ઘાટન માટે કરાંચી પધારેલા ડૉ. રાધાકૃષ્ણનના અંતેવાસી તરીકે એક અઠવાડિયું તેમની સાથે રહેવાની દુષ્યન્તભાઇને તક મળી.

આ દક્ષ છતાં બિન-તાલીમી શિક્ષકે બી.ટી. થવું જરૂરી હતું. મનસુખરામભાઇએ તેમને કહ્યું : ''તમને અડધો પગાર આપી શકીશું - તમને અનુકૂળ પડે તો ટ્રેનિંગ-કૉલેજમાં જઇને બી.ટી. થઇ આવો!'' અડધા પગારની સવલત બદલ દુષ્યન્તભાઇએ ત્રણ વર્ષ સંસ્થામાં સેવા આપવાની બાંહેધરી આપવાની હતી. તે આપી; પણ તે અંગે કશું લેખિત કરવાની નિયામક કે શિક્ષક : બેમાંથી કોઇનેય જરૂર ન લાગતાં અત્યાર લગી આ સંસ્થામાં એમણે ચાર વર્ષ (૧૯૩૯-૪૩) શિક્ષણકાર્ય કર્યું હતું.

બી.ટી. થવા માટે કોલ્હાપુરની 'મહારાણી તારાબાઇ ટીચર્સ કૉલેજ'માં એમણે પ્રવેશ મેળવ્યો. તે કૉલેજના આચાર્ય હતા રામભાઉ પરુળેકર. તેઓ વહીવટવશ કદી પોતાનો તાસ જતો ન કરતા. પહેલું સત્ર પૂરું થયું. દિવાળીની રજાઓ પછી પહેલે જ દિવસે નોટિસબોર્ડ પર દુષ્યન્તભાઇએ વાંચ્યું : ''બીજા સત્રની ફી ત્રણ દિવસમાં ભરી દેવી.'' દુષ્યન્તભાઇએ મેળવવા ધારેલ રકમ અઠવાડિયા પછી મળે તેમ હતી. આથી ફી મોડેથી ભરવાની રજા લેવા આચાર્ય પરુળેકરની ઑફિસમાં ગયા. એમની વાત સાંભળીને કહે : ''પંડ્યા, તારી પ્રત્યે મને પૂરેપૂરી સહાનુભૂતિ છે પણ નિયમ આગળ હું લાચાર છું. આનો અર્થ એમ નથી કે હું તારી મુશ્કેલીમાં વધારો કરવા ઇચ્છું છું. તું ફીના પૈસા મારી પાસેથી લઇ જા. તારી ફી સમયસર ભરી દે, તારી સગવડે મને પૈસા પાછા આપજે.''

દુષ્યન્તભાઇને આચાર્યની ઉદારતાનો લાભ લેવો ન પડ્યો; બીજી વ્યવસ્થા કરીને ફી તત્કાળ ભરી દીધી. આ પ્રસંગે, સંસ્થાના ભોગે ઉદાર ન થવાનો બોધપાઠ પરુળેકરે શિખવ્યો ને સાથોસાથ વિદ્યાર્થીની મુશ્કેલીમાં એને સહાય કરવાની તત્પરતા દાખવવાની દાનતનો પણ દાખલો આપ્યો.

બીજા સત્ર દરમિયાન તાલીમાર્થી દુષ્યન્તભાઇએ 'ફ્રિડમ ઍન્ડ ડિસિપ્લિન' પર બારેક પાનાંનો નિબંધ લખ્યો જે અધ્યાપકે તપાસ્યો. એમણે દુષ્યન્તભાઇનો વાંસો થાબડ્યો અને કહ્યું, ''તું જઇને પ્રિન્સિપાલ પરુળેકરને મળ.''

''યા, પંડ્યા યા.'' કહીને પરુળકરે દુષ્યન્તભાઇનું સ્વાગત કર્યું. પેલો નિબંધ એમના મેજ પર હતો. તે વાંચી ચૂકેલા આચાર્ય કહે, ''તેં ખરેખર સરસ નિબંધ લખ્યો છે. તારા મુદ્દાઓ અને તેની છણાવટ વિશદ્ છે. તારી શૈલી પણ ખુશ કરે તેવી છે.''

વાર્ષિક પાઠનો કાર્યક્રમ મૂકાઈ ગયો. આચાર્યે સામેથી કહ્યું : ''પરીક્ષાના પાઠ મને

બતાવી જજે; હું તને જરૂરી સૂચન આપીશ.'' અભિમન્યુ યુદ્ધ કરવા જાય છે તે પ્રસંગનું ચાર કડીનું એક કાવ્ય દુષ્યન્તભાઈએ અંગ્રેજીમાં જોડી કાઢ્યું હતું. એ કાવ્યનું પાઠ-આયોજન તથા ભૂગોળમાં 'કપાસ' પરનું પાઠ-આયોજન તૈયાર કરીને તે આચાર્ય પાસે ગયા.

આચાર્ય રામભાઉ પરુળેકરે પૂછ્યું : ''આ ભૂગોળના પાઠમાં તું કયાં કયાં સાધનો લઈ જવાનો છે?''

''ખાસ એક પણ નહીં. ઈન્ડિયાની આઉટલાઈન હું જાતે કાળા પાટિયા પર દોરીશ. રૂ, જાડા તાર અને બારીક તારના નમૂના રજૂ કરીશ.''

પરુળેકર ખુશ થયા. પોતાનાં પત્નીને કહે, ''અગ, બાઇ, પણ્ડ્યા આલે આહેત. આર્ધા આર્ધા કપ ચહા બનવા.'' દુષ્યન્તભાઈને કહે, ''તારા પાઠનો બધો આધાર તારી નકશાની રૂપરેખા દોરવાની શક્તિ પર છે. ચૉક ઉપાડે ને લીટી દોરાવા લાગે પછી છેક ભૂંસ ન કરવી પડે તે જોજે. ઓછામાં ઓછા સમયમાં એ રૂપરેખા દોરાવી જોઈએ.''

એ બંને પાઠોથી પરીક્ષકો ખૂબ જ ખુશ થયા હતા. દુષ્યન્તભાઈ સત્તાવન ટકા ગુણ મેળવીને બી.ટી. થયા. (૧૯૪૪) અભ્યાસ પછી પણ તેઓ રામભાઉ પરુળેકરના સંપર્કમાં રહેતા. જીવનનાં અંતિમ વર્ષોમાં એ આચાર્ય શિક્ષણ-સંશોધનમાં રત રહેતા તે જોઈ દુષ્યન્તભાઈ પણ પ્રેરણા મેળવતા. નાસિક અને કોલ્હાપુરના અધ્યાપકોએ શિક્ષક થવાની દુષ્યન્તભાઈની સજ્જતામાં વધારો કર્યો; વળી, બી.ટી. પણ થઈ ગયા ને તેથી!

બી.ટી. થયેલા દુષ્યન્તભાઈ શારદા મંદિરમાં જોડાવા પુનઃ કરાંચી આવ્યા. તે વખતે ત્યાં યોગાનુયોગ ઉપસ્થિત ગુરુદયાલ મલ્લિક એમને અભિનંદતાં કહે, ''વધાઈ રાજા, વધાઈ. હવે તો તમે બેચલર ઑફ ચીટિંગ બની ગયા!''

''ચીટિંગમાં તો હું પહેલાંથી જ નિષ્ણાત હતો; આ તો નવું ટીચિંગનું પૂછડું વળગાડી આવ્યો છું!''

''રાજા, ટીચિંગમાં ચીટિંગ જ કરવાનું છે; પણ તે બીજાને ખાતર પોતાની જાતનું; બીજા કોઈનું જ નહીં, તમે એ બરાબર કરી શકશો.'

દુષ્યન્તભાઈના મનમાં શારદામંદિર છોડવાનો ખ્યાલ ન હતો. સદા વિકસવું - એ જ એમની ઝંખના. સને ૧૯૪૫ના અંતમાં અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ માટે જવાને વાટુમલ ફાઉન્ડેશનની શિષ્યવૃત્તિનું ફોર્મ ભરીને એમણે મનસુખરામભાઈને બતાવ્યું. તેઓ કહે : ''તમારે ત્યાં શીખવા જવાની જરૂર છે? તમારામાં કંઈ ઉણપ છે?'' બસ, એ ફૉર્મને ફાડીને એમણે કચરા-ટોપલીમાં પધરાવી દીધું-કશાય ખેદ વગર!

તે ગાળે ભારતમાં કેદ રખાયેલા વિશ્વવિખ્યાત કેળવણીકાર માદામ મૉન્તેસોરીને અંગ્રેજ સરકારે મુક્ત કર્યા હતા. સને ૧૯૪૬ના માર્ચથી જૂનના અંત સુધી, તેમના બાલઅધ્યાપન વર્ગનું કરાંચીમાં ગોઠવાયેલું.

માદામનાં વ્યાખ્યાનોનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનું દુષ્યન્તભાઇને સોંપાયું હતું. તેથી શારદામંદિરથી રજા લઈને તેઓ એમાં ખૂંપી ગયા હતા. જૂનના આરંભે ગુરુદયાલ મલ્લિક કરાંચી આવ્યા. શારદામંદિરમાં ગયા. 'રાજા' રજા પર હતા. મલ્લિકજીને તો તરત મુંબઈ જવું હતું. મુંબઈ પહોંચીને પત્ર લખ્યો :

'પ્યારે રાજા દુષ્યન્ત, શારદામંદિરમાં હું ખાસ તને મળવા ગયો હતો. તું મળ્યો નહીં તેથી આ પત્ર, મુંબઈની એક ખ્યાતનામ શાળા માટે અંગ્રેજીના ઉત્તમ શિક્ષકની જરૂર છે. તારો કોઈ મિત્ર હોય તો નામ જણાવજે લેકિન બહારગામવાળો નહીં, અમે ઘરવાળી આપી શકીશું, ઘર નહીં!' દુષ્યન્તભાઈએ વધુ વિકાસ માટે મુંબઈ આવવા ઈચ્છા દર્શાવતો પત્રોત્તર વાળ્યો કે ફરી પત્ર આવ્યો : ''કરાંચીમાં મારે તારી સાથે આ જ વાત કરવી હતી પણ તું મળ્યો નહીં. તું આવે તે ઘણું જ ગમશે. તારી ઈચ્છા હોય તો વળતી ટપાલે તું પ્યૂપિલ્સ ઑન સ્કૂલના આચાર્યને પત્ર લખી તારી વિગતો આપજે. દોઢસો રૂપિયા પગાર આપશે. સો રૂપિયાના ટ્યૂશનનું પણ ગોઠવ્યું છે; લેકિન મનસુખરામભાઈ મેરા કાન પકડેંગે.''

એ પોસ્ટકાર્ડ દુષ્યન્તભાઇએ મનસુખરામ ભાઇને આપ્યું. વિસ્મિત થયા. થોડી ક્ષણ આંખો બંધ કરી ગયા. પછી કહે : ''આમાં ઈશ્વરી સંકેત છે. તમે ખુશીથી જાઓ. ગુરુદયાલજીને મારા વંદન કહેજો.''

બી. ટી. થયા પછી ત્રણ વર્ષ સંસ્થામાં જ સેવા આપવાની બાંહેધરીની વાત સંભારીને કહે : ''પંડ્યાભાઇ, તમે સંસ્થાની એવી સરસ રીતે સેવા બજાવી છે કે સંસ્થા તમને પેલી શરતમાંથી મુક્ત કરે છે.''

''મનસુખરામભાઇ, તમારા આ સૌજન્યનો લાભ લઈને હું સંસ્થામાં ખોટો દાખલો બેસાડવા નથી માગતો. ભવિષ્યમાં અકારણ તમે આવા કિસ્સામાં તકલીફમાં મૂકાઇ જાઓ.''

સંસ્થામાં ભરવાપાત્ર રકમ જમા કરાવીને દુષ્યન્તભાઇ ભૌતિક ઋણમાંથી મુક્ત થયા. પરંતુ મનસુખરામભાઇ સમક્ષ તો સદા ઋણી રહ્યાનો ભાવ જાળવ્યો! સને ૧૯૪૬માં દેશના વિભાજનની પૂર્વસંધ્યાએ દુષ્યન્તભાઈએ કરાંચી છોડ્યું ને તેથી ૧૯૪૭માં થયેલા ભાગાના ત્રાસ-તબાહીમાંથી આપોઆપ બચી ગયા. મનસુખરામભાઈએ કહેલો તે આ ઈશ્વરી સંકેતનો પ્રતાપ!

જુલાઈ-'૪૬થી ખાર-મુંબઇની પ્યૂપિલ્સ ઑન સ્કૂલમાં જોડાયા. આ નોકરી દરમિયાન સાક્ષર શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન મુજબ, ''સત્યભામારોષદર્શિકાખ્યાન આદિ નાટકોની સર્વાંગીણ સમીક્ષા'' લખીને પીએચ.ડી.ની પદવી પામ્યા. (૧૯૫૧) આ ગાળે માદામ મૉન્તેસરીના ડચ પ્રતિનિધિ એ. એમ. યુસ્ટન સાથે બાલશિક્ષણ અંગે કામ કર્યું. આવી-તેવી પ્રવૃત્તિઓ, શાળા ઉપરાંત નાના ભાઇને કૉલેજમાં ભણાવવાની જવાબદારી હોવાથી ટ્યૂશન્સ ખેંચવાં પડતાં. સવારે સાડા છ વાગ્યે ઘર છોડે. ટ્યૂશન્સ કરે; ત્યાંથી સીધા

સ્કૂલે જાય. સ્કૂલેથી ફરી ટ્યૂશન્સ કરીને રાતે નવ વાગ્યે ઘેર પહોંચે! આ યાંત્રિકતાથી કંટાળીને આર્થિક ખોટ છતાં એમણે મુંબઈ એક દાયકા (૧૯૪૬-૫૬) પછી છોડ્યું.

જામનગરની ડી.સી.સી. હાઇસ્કૂલનું આચાર્યપદ પૂરો એક દાયકો (૧૯૫૬-૬૬) ખરા અર્થમાં શોભાવ્યું. આ ગાળે જામનગર પાસેના આલીઆબાડા ગામે ગ્રામલક્ષી કેળવણીકાર શ્રી ડોલરભાઇ માંકડની કૉલેજ દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયમાં પણ ખંડ-સમય અંગ્રેજી-ગુજરાતી વિષયમાં માનદ્ અધ્યાપન કરતા. પોતાની શાળાના ધોરણ-૧૦-૧૧ના વિદ્યાર્થીઓને પછાત વિસ્તારના એકસો ઘરોનું સર્વેક્ષણ કરવા ને કેટલાને તો ત્યાં રાત્રિશાળા ચલાવવા પ્રેરણા આપી. ડૉ. રાધાકૃષ્ણનના વરદ હસ્તે, સને ૧૯૬૪માં શ્રેષ્ઠ શિક્ષક માટેનું રાષ્ટ્રીય પારિતોષિક એનાયત થયું હતું. શાળાનાં ગુજરાતી બાળકોને ભાષાભેદને ધોરણે અંગ્રેજી શીખવવાનો પ્રયોગ હાથ ધરવા બદલ એન.સી.ઈ.આર.ટી. તરફથી તેમને અનુદાન મળ્યું.

અંગ્રેજી શિક્ષણને લગતા પોતાના પ્રકલ્પ-પ્રયોગને લગતાં કેટલાંક પુસ્તકો મોકલવા માટે ડૉ. દુષ્યન્તભાઈ પંડ્યાએ 'યુનાઇટેડ સ્ટેટ ઈન્ફોર્મેશન સર્વિસ'ને લખ્યું. પુસ્તકો ન મળ્યાં પણ અમેરિકાના ટીચર્સ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ત્યાંની કોઈ એક શાળામાં એક વર્ષ માટે શિક્ષક તરીકે કામ કરવા જવા માટે ભરવાનું થતું ફોર્મ મળ્યું! તે અંગેના ઈન્ટરવ્યૂ પછી એમનાં પત્ની સુશ્રી પુષ્પાબહેન સાથે જવાની તક મળી.

અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યમાં લોંગ આઈલૅન્ડની જેયમ્સ વિલ્સન યંગ હાઈસ્કૂલમાં એક વર્ષ (૧૯૬૫-૬૬) માટે જોડાયા. જેમની માતૃભાષા અમેરિકન-ઈંગ્લિશ હોય તેવાં અમેરિકન તરુણોને એ ગુજરાતી શિક્ષકે અંગ્રેજી શીખવવાનો પડકાર ઝીલ્યો હતો!

એક વખત ડૉ. પંડ્યા તે સ્કૂલના બારમા ધોરણના વિદ્યાર્થીઓને દેશભક્તિથી ભરપૂર એક સૉનેટ શીખવી રહ્યા હતા. સંનિષ્ઠ શૈક્ષણિક પ્રથા અને પદ્ધતિ છતાં તરુણો તે કાવ્યને જરાય ઝીલી શક્યા નહીં! તાસ પૂરો થયો. પોતે કવિતા બરાબર શીખવી શક્યા નહીં તેના રંજ સાથે શિક્ષક બહાર આવ્યા. ઘેર જમવાનું ન ભાવ્યું. રાતે ઊંઘ ન આવી. એક જ મનોમંથન : કઇ પ્રયુક્તિથી કાવ્યભાવ આ અમેરિકન વિદ્યાર્થીઓમાં ઝંકૃત થવા પામે? બીજે દિવસે વર્ગમાં ગયા. એ જ કાવ્ય લીધું; પરંતુ પ્રારંભમાં પ્રશ્ન કર્યો : ''ધારો કે રશિયાએ આક્રમણ કરીને અમેરિકાને હરાવ્યું અને તમને ગુલામ બનાવ્યા તો તમે શું કરશો?''

સૌ સ્તબ્ધ થઇ ગયા; પછી આંદોલિત થયા. એમનામાંની દેશદાઝ અનેકવિધ ઉત્તરો દ્વારા વ્યક્ત થવા માંડી. બસ, એ સૉનેટને અનુરૂપ ભૂમિકા બંધાઈ ગઈ અને વિદ્યાર્થીઓ અપેક્ષાથીય વિશેષ ઉત્કટતાથી તે કાવ્ય ઝીલી રહ્યા!

અમેરિકામાં હાવર્ડ, ન્યૂયોર્ક, કોલંબિયા જેવી યુનિવર્સિટીઓની મુલાકાત તથા યશસ્વી

અધ્યાપન પછી ડૉ. દુષ્યન્તભાઈ સપત્ની પરત જામનગર આવ્યા અને તેવામાં ફરી મુંબઈ જવાનો યોગ થયો.

મુંબઈમાં ગોદરેજ કંપનીની ઉદયાચલ સ્કૂલમાં આચાર્ય તરીકે એમણે સેવાઓ આપી. (૧૯૬૬-૭૬) આ શાળામાં મરાઠી, ગુજરાતી, હિંદી અને અંગ્રેજી - એમ ચાર ભાષાઓમાં પૂર્વ પ્રાથમિકથી માંડીને માધ્યમિક સ્તર સુધીના વર્ગો હતા; શાળામાં ત્રણેક હજાર વિદ્યાર્થીઓ અને પોણા બસો જેટલા વિવિધભાષી શિક્ષકો. આ વિશાળ વહીવટી વ્યસ્તતા છતાં ડૉ. દુષ્યંતભાઈ પોતે લેવાના સ્વીકારેલા તાસ કદી ન ચૂકવાનો નિયમ પાળતા.

શાળા ઉપરાંત, પાંચેક વર્ષ 'યુ. એસ. એજ્યુકેશનલ ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા', તરફથી અમેરિકા મોકલાવવા માટેની શિક્ષકોની વરણી કરતી સમિતિમાં સેવાઓ આપી. હાઈસ્કૂલના અંગ્રેજી શિક્ષકોને તાલીમ આપવાની તેમની સૂઝ અને સામર્થ્ય તરફ બ્રિટિશ કાઉન્સિલનું લક્ષ ખેંચાયું. તેના સૂચનથી, સને ૧૯૭૬માં લીડ્ઝ યુનિવર્સિટીમાં ટીચિંગ ઑફ ઇંગ્લિશ એઝ એ સેકન્ડ લેંગ્વેજના સમર-કોર્સ માટે સ્કૉલરશિપ સહિત તેમની વરણી થઈ હતી. તે જ વરસે એમને બ્રિટિશ કાઉન્સિલ તરફથી બસૅરી એવોર્ડ એનાયત થયો. ઇંગ્લેન્ડમાં એમણે લંડન, ઓડીનબરો, બેકેસ્ટર, બેસેક્સ જેવી યુનિવર્સિટીઓની મુલાકાત લીધી.

અંગ્રેજીના શિક્ષણમાં સક્રિય રસ દાખવતા ડૉ. પંડ્યાએ અન્ય વિષયોની પણ ક્યાં ઉપેક્ષા કરી છે? મહારાષ્ટ્ર માધ્યમિક શિક્ષણ બોર્ડના નવથી બારમી શ્રેણીનાં ગુજરાતીનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં સહયોગ કર્યો. ભૂગોળ, ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણો અન્યો સાથે રહીને તૈયાર કર્યા.

માધ્યમિક ક્ષેત્રે મદદનીશ શિક્ષક તરીકે તેર વર્ષ અને આચાર્ય તરીકે પચીસ વર્ષ સક્રિય સેવાઓ આપવા ઉપરાંત સોળ વર્ષ કૉલેજ કક્ષાએ યશસ્વી શિક્ષણ આપી ચૂકેલા ડૉ. દુષ્યન્તભાઈ ૧૯૭૬માં નિવૃત્ત થયા.

નિવૃત્ત થયા પછી, ગુજરાતમાં - ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અંગ્રેજીના ખાડે ગયેલા ધોરણને ઊંચે લાવવા માટે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લિશ શરૂ કરવાનો તેમને વિચાર આવ્યો. વિચારને મૂર્ત સ્વરૂપ આપવા અસીમ ધીરજ સાથે યુનિવર્સિટી અને સરકાર સામે પત્રવ્યવહાર કર્યો. છેવટે અંગ્રેજીના શિક્ષકોને તૈયાર કરતી જામનગરની ''ઇન્સ્ટિટ્યૂટ ઑફ લેંગ્વેજ ટીચિંગ'' આકારિત થવા પામી; પોતે તેમાં સાત વર્ષ (૧૯૮૫-૯૨) માનદ્ સેવાઓ આપી પરંતુ અપેક્ષિત સરકારી સહાય ન મળતાં તે સંસ્થાના વહીવટમાંથી મુક્ત થયા અને આયખાના અનેક મધુર સંબંધોનાં સ્મરણો સાથે શિક્ષણક્ષેત્રે ત્રેપન વર્ષ પૂરાં કર્યાં. આ ગાળે 'લેટ અસ લર્ન ઈંગ્લિશ' નામની બાર કૅસેટો બહાર પાડી (૧૯૯૪) અને મૉન્તેસોરી પદ્ધતિ અંગેનું તેમનું પુસ્તક બહાર પડનાર છે.

સાહિત્યક્ષેત્રે ડૉ. દુષ્યન્તભાઈનું પ્રદાન યશદાયી છે. એમણે મિલ્ટનના પેરેડાઇઝ લોસ્ટ

તથા ડિસ્ક્લિંગ સોસાયટી, પેરિપ્લસ અને મિલોઝનાં કાવ્યોના અનુવાદ આપ્યા છે અને એક શ્રેષ્ઠ અનુવાદક તરીકે ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા સન્માનિત થયા. તેમણે કેટલીક પરિચય-પુસ્તિકાઓ લખી છે; કલાગુર્જરી સંસ્થા દ્વારા તેમના ચરિત્રાત્મક પુસ્તક 'સ્મરણ ક્યારીનાં સુમનો' પુરસ્કૃત થયેલ છે. (૧૯૯૫)

એંસીને આરે અડીખમ ડૉ. દુષ્યન્તભાઇ પંડ્યા હવે નવી જવાબદારીઓ સ્વીકારતા નથી; જામનગરના વિદ્યોત્તેજક મંડળ તથા કસ્તુરબા સ્ત્રીવિકાસગૃહ, ફ્રોળના એમ. ડી. મહેતા ટ્રસ્ટ માટે સમય ફાળવે છે; સરેરાશ સાતેક કલાક લેખન-વાંચનમાં ગાળે તો જ દિવસને સાર્થક માને; એમને મળીશું?

''સર, અલીઆબડામાં 'અન્ડર ધ ગ્રીનવુડ ટ્રી' ની ભણેલા તે ભુલાયું નથી; આપને એ બધું કેવું યાદ રહ્યું છે?''

''તમે સંભારો તે તમારું સૌજન્ય છે; બાય ધ વે, હવે ભૂલકણો થતો જઉં છું. મહાવરાના અભાવે ફ્રેંચ, બંગાળી, સિંધી ભાષા ભૂલાતી જાય છે. જ્ઞાનેશ્વરીના વાચનને લીધે મરાઠી હજી નથી ભૂલાતી... પ્રવાસમાં જઉં તો કંઇ ને કંઇ ભૂલી જ આવું! મહેમાનો જમવા આવે ત્યારે પુષ્પાને કહું કે એમને નોતરું આપ્યું હતું! આવું બે-ત્રણ વાર બનેલું!''

''વાચનમાં વિશેષ પસંદગી આપની?''

''ઉપનિષદો, રામકૃષ્ણકથામૃત, ફૉરમ, રીડર્સ ડાયજેસ્ટ, ઉદ્દેશ, ભૂમિપત્ર, રામકૃષ્ણ જ્યોત, ને હાથે ચડે તે.''

''શિક્ષક તરીકે જીવ્યાનો આપને સંતોષ ખરો?''

''વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે મનનું, બુદ્ધિનું કે ચિત્તનું સંધાન કર્યાનો આનંદ બ્રહ્માનંદ સહોદર છે એમ અનેક વિદ્યાર્થીઓ સાથે કરેલા સંધાન અને માણેલા આનંદની ગહન અને સમગ્ર ચૈતન્યવ્યાપી અનુભૂતિને કારણે હું બેધડક કહેવાની હિંમત કરું છું.''

''શિક્ષણક્ષેત્રે થતાં અનેક તપો ફળતાં કેમ નથી?''

''સરકાર અને યુનિયનોની ચુંગાલમાંથી મુક્તિ નહીં મળે ત્યાં સુધી સાચી વિદ્યા પ્રસરી શકશે નહીં.''

''શિક્ષણક્ષેત્રે કોઈ એક મધુર અનુભવ..''

''બાળમંદિરમાંની એક સાડા ત્રણ વર્ષની છોકરી મારી પાસે આવીને કહે : 'મને તમારી દીકરી કરશો?''

એને ભાઈ આવ્યો હતો ને માઇ ઇસ્પિતાલમાં હતી; આજે તેંતાળીસ વરસે પણ એ દીકરી સાથેનો સંબંધ તાજો જ રહ્યો છે!''

દેશ-વિદેશમાં આવા અનેક સંબંધોથી છલોછલ ડૉ. દુષ્યન્તભાઇ પંડ્યા અનેકોના મનમાં, તેમના વિદ્યાર્થી થવાનો અવસર ન મળ્યો તે બાબતનો બડો અફસોસ જગાવે છે! એમની સુદીર્ઘ શિક્ષણયાત્રાને સલામ! ગુરુદયાલ મલ્લિકના 'પ્યારે રાજ્જા'ને સલામ!

(દુષ્યંતભાઇ પંડ્યા, સંનિધિ, ૫, પટેલ કૉલોની, જામનગર - ૩૬૧૦૦૮)

સંતાકૂકડી

- મનસુખ સલ્લા

સંતાકૂકડી એ આમ તો રમતનું નામ છે. સંતાવું અને સંતાયેલાને શોધી કાઢવાની આ રમત છે. પરંતુ આ રમત એવી છે જે ખરેખર તો જીવનભર ચાલે છે. એના ધ્વન્યાર્થો વિસ્તરતા જ રહે છે. બાળપણમાં આ રમતનું સૌને આગવું આકર્ષણ હોય છે. આમ પણ સંતાવું અને શોધી કાઢવું એ માણસનો ગમતો શોખ હોય છે. દરેક બાળક આ રમત રમતો હોય છે. બાળપણનાં જે કેટલાંક સ્મરણો કદી વાસી નથી થતાં તેમાં સંતાકૂકડી પણ હોય છે. માણસને ગમતું હોય છે કે સંતાયા પછી કોઈ શોધી ન કાઢે. એટલે એવી એવી જગ્યાઓ પસંદ કરવામાં આવે છે જ્યાં સામાન્યપણે કોઈને ઊભા રહેવું ન ગમે. પરંતુ છુપાવું હોય અને અપ્રગટ રહેવું હોય તો આટલું સમાધાન કરવું પડે છે. એટલે જેટલું મહત્ત્વ સંતાવાનું એટલું જ અગત્યનું સંતાવાનું સ્થાન બનતું હોય છે. પટારા પાછળ, બે-ચાર બૅગ પડી હોય તો એની પાછળ, ફળિયામાં ગાડું પડ્યું હોય તો ગાડા નીચે એના પૈડાની આડશમાં, કપડાં સૂકવ્યાં હોય તો સાડીને જમીન સુધી ખેંચીને એની પાછળ છુપાવાનું બાળકોને આપસૂઝથી આવડી જતું હોય છે.

આ રમતમાં કોઈ પણ સ્થાન સ્વીકારાય જાય. મુખ્ય રસ હોય 'પકડાવું નહિ'. એટલે પકડવાવાળા ગોતતાં ગોતતાં સાવ નજીક આવી જાય ત્યારે હૃદયના ધબકારા વધી જાય : હમણાં પરખાઈ જશું કે શું? ઘડીભર શ્વાસ લેવાનું પણ ચૂકાઈ જાય. ભૂલમાં કોઈ બોલી ન પડે માટે સિનિયરોની આંગળી નાકે મૂકાયેલી હોય. બધો વ્યવહાર કેવળ આંખથી થતો હોય. અને પકડનારા 'અહીં કોઈ નથી' એમ ગણીને આગળ વધી જાય ત્યારે ઈન્દ્રાસન મળ્યું હોય એવો આનંદ થતો એ સાત દાયકા પછી પણ ભૂલાયું નથી. એટલે તો આ રમતને વૈશ્વિક ગણી શકાય. હશે કોઈ બાળક એવો જે આ રમત રમ્યો ન હોય?

માનસશાસ્ત્ર કહે છે કે કોઈ તાલીમ એળે નથી જતી. એક યા બીજા પ્રકારે એ કામ આવે છે. આ તાલીમનો નિશાળમાં ઉપયોગ ન કર્યો હોય એવો વિદ્યાર્થી ભાગ્યે જ જડશે. આમ તો કોઈને ખોટું બોલવું ગમતું નથી હોતું, પરંતુ પરિસ્થિતિ એવી થાય કે ભળતી વાત રજૂ કરવી પડે. ત્યારે ભલભલા અભિનેતા ન કરી શકે તેવો અભિનય વિદ્યાર્થીઓ કરી શકતાં હોય છે. આંખો દયાર્દ્ર બની જાય, ચહેરા પર દુઃખના ચાસ અંકાઈ જાય, અવાજ ગળગળો થઈ જાય, વાત કરતાં એકાદ વખત અટકી જવાય. એથી વિદ્યાર્થીએ પરીક્ષામાં ભલે ઓછા માર્કસ મેળવ્યા હોય પણ ભાવ

સંતાડવાની વિદ્યામાં તો પૂરા માર્ક્સ મેળવતો હોય છે. 'લેસન કેમ નથી કર્યું?' એના જવાબમાં 'મારો ભાઈ પડી ગયો હતો. માથામાં ફૂટ થયેલી. દવાખાને લઈ ગયા. એમાં લેસન રહી ગયું.' દવાખાને ખરેખર જવું પડ્યું હોય તોય ઘરમાંથી કોઈ મોટા જ ગયા હોય. પણ એવી મોટી જવાબદારી લઈ શકાતી હોય છે. દાદા-દાદીને માંદા પાડવાનું, એની સેવામાં રોકાવાનું તો એકાધિકવાર થયું હોય છે. શાળાનું સોંપેલું કામ પૂરું ન કરનાર વિદ્યાર્થી ભલભલા તર્કવિદને ગોથાં ખવડાવે એવા તર્ક રજૂ કરી શકતો હોય છે. અને શિક્ષકોએ પોતેય વિદ્યાર્થી અવસ્થામાં આવો અભિનય કર્યો હોય છે એટલે ઉદાર થઈ શકે છે. હળવાશથી કહી શકે છે : 'દાદા-દાદીને વારંવાર માંદા ન પાડતો'. આ રમત જેટલું મુગ્ધકર ભાગ્યે જ બીજું કશું હશે.

મોટાપણે આ રમત અનેક નવા નવા સ્વાંગ ધારણ કરે છે. ઑફિસમાં મોડો પહોંચેલો કે ગેરહાજર રહેલો કર્મચારી કે ડ્રાઈવર કે ઘરમાં એક દિવસનો ખાડો પાડનારી કામવાળી બાઈ આ રમતમાં ખૂબ પ્રવીણ હોય છે. એ કુશળતાને ડિગ્રી સાથે સંબંધ નહિ. તેઓ બેધડક છદ્મ કારણો રજૂ કરી શકે છે. એ માટે સજીવન સગાંઓનું મૃત્યુ, પતિ કે પત્નીની આકસ્મિક માંદગી કે નજીકના સગાંનો અકસ્માત તેઓ સર્જી શકે છે. તેઓ આવાં કારણો રજૂ કરતી વખતે મનમાં હસતાં હોય છે. વળી એવો વિશ્વાસ પણ ધરાવતાં હોય છે કે બોલવાથી કોઈને કાંઈ થતું નથી. બધાં ક્ષેમકુશળ જ રહેવાનાં છે. એટલે તેઓ સંતાકૂકડીની રમત નચિંતપણે રમી શકતાં હોય છે. બાળકો આ રમત સૌ જુએ એમ રમે છે, પણ મોટાંઓ કોઈ જોઈ ન જાય એમ રમી શકતાં હોય છે. પકડાઈ ન જવાય એ માટે તેઓ વધુ ગણતરીપૂર્વક વર્તે છે એટલું જ. મનમાં ઊઠતાં ભાવો, તરંગો, કલ્પનાઓ દરેક વખતે પ્રગટ નથી કરી શકાતાં. અરે, છુપાવવામાં પડે છે. કોઈ ચહેરો હૃદયમાં વસી ગયો, વળીવળીને મન એનું રૂપ તાજું કરાવે, આંખ અવશપણે એ તરફ વળ્યા કરે, ત્યારે કાળજી લેવાતી હોય છે કે હું જોઉં છું એ કોઈ જોઈ ન જાય, મનમાં ફટાકડા ફૂટતા હોય અને આપણે સંસારથી વિરક્ત એવા મુનિ જેવો ચહેરો બનાવી શકીએ છીએ. જાણતા હોઈએ છીએ કે અંદર વાજાં વાગે છે, દરિયાના પેટાળમાં જાગતા ખળભળાટ જેવો ખળભળાટ ભીતરમાં જાગ્યો છે, પરંતુ હાલકડોલક થતાં મનને આપણે એવી રીતે પ્રગટ કરીએ છીએ કે 'મને દુનિયાની કાંઈ પડી નથી.' યુવાનીનું આ રૂપ લગભગ બધાએ અનુભવ્યું હોય છે અને એને કેમ છુપાવવું એની કળા કોઈને શીખવવી પડતી નથી. આવી કળાઓ જન્મજાત હોવી જોઈએ.

પતિ-પત્ની આ બાબતમાં આશ્ચર્ય થાય એટલી હદે નિપુણ હોય છે. બંને જાણતાં હોય છે કે બંને માટેની ખરીદી કરવાનું ખિસ્સાને પોસાય એમ નથી. બંને ઇચ્છતાં હોય છે કે સામા માટેનું કપડું ખરીદાય. એ વખતે ભાવની જે સંતાકૂકડી રમાય છે તેમાં પ્રેમની અદ્ભુત લીલા હોય છે. પતિને હોંશ હોય છે કે પત્ની માટે ડ્રેસ લેવો જ છે અને પત્ની આતુર હોય છે કે પતિ માટે સરસ નવું પેન્ટ લેવું છે. જીભે

જાણે સરસ્વતી બેઠી હોય એમ બંને જણ અદ્‌ભુત રીતે વાત કરી શકતાં હોય છે.

પત્ની કહેશે, 'મારે ડ્રેસનો ક્યાં પાર છે? સાડીઓની બૅગ ભરી છે. ક્યાં કાંઈ પહેરાય છે? જ્યારે એવો પ્રસંગ આવશે ત્યારે મારે માટે ડ્રેસ લઈશું. આજ તો તમારે માટે પેન્ટ લઈ લઈએ. જૂના પેન્ટમાં તમે જરાય સારા નથી લાગતા. જુઓને, પેન્ટ જાણે કધોણિયાં થઈ ગયાં હોય એવાં લાગે છે. ઘરમાં બે સારાં કપડાં તો હોવાં જોઈએ ને? બસ, તમારે માટે આ વખતે લઈ લઈએ.' અને પતિ મહોદય સમર્થ સાહિત્યકારને પાછા પાડે એવી અભિવ્યક્તિ સહજ ભાવે કરે છે : 'હોય કાંઈ એવું? ગયા વખતે પણ તારો ડ્રેસ ખરીદવો હતો ને કરિયાણામાં બધું વપરાઈ ગયું. અમારે પુરુષોને તો બે પેન્ટને બે ખમીસથીય ઓહો ચાલે. અમારાં પેન્ટ તો ફાટે ત્યાં સુધી નવાં જેવાં જ હોય છે. ભગવાને મહિલાઓને રૂપ અમથું નથી આપ્યું. એમની શોભા જળવાવી જોઈએ. શિવજીને તો ભસ્મથીય બધો મેકઅપ થઈ જાય, પણ પાર્વતી માટે તો સુશોભિત વસ્ત્રો હોય છે ને? જો દેવતાઓમાં આવું હોય તો આપણે માણસો એ તો કાળજી રાખવી જોઈએને? બસ, પાકું હવે કાંઈ વધુ વિચાર નથી કરવો. આ વખતે તારા માટે ડ્રેસ ખરીદવો એટલું પાકું. આ સાંભળીને પત્ની આડું જોઈને આંખમાં આવેલાં આંસુને એવી રીતે લૂછે કે જાણે અમથો અમથો મોં પર હાથ ફેરવ્યો હોય. આ સંતાકૂકડીનું માધુર્ય માણ્યું હોય એ જ જાણે!

માતા અને સંતાન વચ્ચે આવી પ્રેમની રમત ઘણાં ઘરોમાં અવારનવાર રમાતી હોય છે. ઘરમાં એક જ રોટલો હોય. વધુનો મેળ ન પડ્યો હોય. ત્યારે માતા અને સંતાન નચિંતપણે ભાવ સંતાડવાનો ખેલ કરતાં હોય છે : 'મને તો આજ જરાય ભૂખ નથી. પેટ જાણે ભરેલું ને ભરેલું છે. તું ખાઈ લે.' અને સંતાન ભાર વગર બોલી શકે છે કે, 'મિત્રને ત્યાં નાસ્તો જરાક વધારે કરાઈ ગયો છે. મને તો ભૂખ જ નથી. ને ભૂખ વગર ખાવું ઠીક નહિ. તમે જમી લો.' અભિનેતાઓ શું અભિનય કરવાના હતા? ભાવભૂમિની આ આર્દ્રતા અનેકગણી ચડી જાય એવી હોય છે.

કાંઈ મનુષ્યો જ આવી સંતાકૂકડી રમે છે એવું નથી. પક્ષી નર-માદા પણ આવી રમત રમતાં હોય છે. માદા પર્ણના ઘેરામાં છુપાઈ જાય. નર શોધાશોધ કરે. આકુળવ્યાકુળ હોય તેમ ઊડીને અહીં જાય, ત્યાં જાય. કાંઈ રામ જ સીતાની શોધમાં નીકળે એવું નહિ. પક્ષીઓ પણ આવી શોધ કરે. અવાજથી, પાંખ ફફડાવીને, સતત માથું અને આંખ આમતેમ ફેરવીને નર જાતજાતની વિનવણી કરતો લાગે. એની સ્થિતિ આખરે માદાથી ખમાય નહિ, હળવેકથી નાજુક અવાજ કાઢીને પોતાની હાજરી જણાવે. નરપક્ષી રાજી થતો થતો ઊડીને માદા પાસે પહોંચી જાય. બધી સંતાકૂકડી ભૂલીને પાંખમાં પાંખ પરોવીને ગુટરગૂ કરવા માંડે. આપણને કાંઈ વિક્રમ રાજાની જેમ પક્ષીની ભાષા આવડતી ન હોય એટલે જાણી ન શકીએ કે એ પક્ષીયુગ્મે એકબીજાને શું કહ્યું હશે. પણ એવું કલ્પવું ગમે કે

એ રીસામણાં અને મનામણાંનો ખેલ જરૂર હશે.

સંતાવું અને શોધવું એ કેવળ સજીવો સુધી મર્યાદિત નથી. સૂરજદેવ અને પૃથ્વીનો સંબંધ પણ બહુ વિશિષ્ટ હોય છે. સૂરજદેવની હાજરી ન હોય તો પૃથ્વી નિમાણી થઈ જાય. સૂરજદેવ વાદળાં આડા એવા સંતાઈ જાય કે લાગે કે અદૃશ્ય થઈ ગયા. વાદળાં પૃથ્વી કે સૂરજદાદાનું કહ્યું ન કરે, એ તો પવનદેવનું માને. પવનદેવના હલેસે હાલતાં રહે, સ્થાન અને આકાર બદલતાં રહે. એથી ઓચિંતા સૂરજદેવ પ્રગટ થઈ જાય. પૃથ્વીને હાશ થાય અને સૂરજદેવને પડદો હટી ગયો એનો આનંદ હોય. એથી સૂર્યદેવ અને પૃથ્વી બંને હસી પડે. એમનું હાસ્ય પુષ્પો અને તાજા ફૂટતા બીજાંકુરોમાં, પર્ણોમાં અને સાગરના તરંગોમાં, ભ્રમરના ગાનમાં અને કીડીઓની ઉદ્યત ગતિમાં પ્રગટ થતું હોય છે.

સંતાકૂકડીની રમતનો બેતાજ બાદશાહ તો ભગવાન જ ગણાય. એના જેટલી અને એના જેવી સંતાકૂકડી રમતાં બીજા કોઈને ન આવડે. અપ્રગટ રહીને હાજરી પૂરાવવાનું એને બરાબર આવડે. તમે લાખ મથો પણ દૂરાતિદૂર રહે અને ક્યારે ભેરુ બની સાથે રમવા માંડે એનું કાંઈ કહેવાય નહિ. એ ક્યારે પ્રગટ થશે, ક્યારે અદૃશ્ય થશે એનાં બધાં ગણિત ખોટાં પાડવામાં એના જેટલો માહિર બીજો કોઈ નહિ. એને શોધવા અનેક ઉપાસકોએ જીવનનો હોમ કર્યો છે અને મળ્યો નથી. તો એ સામે ચાલીને ભક્તનો ભેરુ બની ગયો છે. અનેક વિનવણી અને મનામણી પછી એ ઈશારો આપે તો આપે અને તમને ખબર ન પડે એમ પ્રિયજન પણ બની જાય. રમતનાં સ્થાન, સમય, શરતો બધું એ જ નક્કી કરે, છતાં રમતમાં જોડાનારને પરમાનંદ મળી રહે.

વળી ભગવાન સાથેની સંતાકૂકડીમાં ભક્તને સંતાવાની, રિસાવાની, ઠપકો આપવાની, સંભળાવવાની પૂરી છૂટ હોય છે. ભક્તનું કડવું વેણ પણ એ હોંશથી ખમે. કદાચ ભક્તનું આકરું વેણ એને વધારે ગમતું હશે. એની સાથેના રમતના અને સંબંધના નિયમો જગતના સર્વ સંબંધોથી અનન્ય અને અપૂર્વ. એની સાથેની રમતમાં ભક્તનો પણ એટલો જ મહિમા હોય છે. રમતમાં વળી ચડિયાતું-ઊતરતું હોય ખરું? આવી સમાન ભાગીદારીવાળી સંતાકૂકડી બે સ્થિતિમાં રમાતી હોય છે : બાળપણમાં અને ભગવાન ભક્તની મૈત્રીમાં.

એને પામવા શિવ અને સૂર્ય તપ તપે, શેષનાગ સહસ્ર મુખે જાપ જપે, ઋષિ-મુનિઓ જીવન ગાળી નાખે પણ ક્ષણભરનું દર્શન ન દે અને ગોકુળમાં ગોપકન્યા પાસેથી છાલિયું છાશ પીવા ગોપકન્યાને ગમતો નાચ પણ કરે. (રસખાન એની કવિતા લખીને અમર થઈ ગયા છે.) ક્ષીરસાગરમાં શેષનાગની શૈયામાં અકંપભાવે નિંદ્રા માણે, જાણે સમગ્ર વિશ્વથી દશાંગુલ ઊર્ધ્વ છે! અને લઘરવઘર વેષવાળો, ધૂળભર્યો મિત્ર સુદામો આવ્યો છે એ નામ માત્ર જાણીને મળવા હડી કાઢે, વસ્ત્રો પગમાં અટવાય, એક પળ જુગ જેવી થાય, 'મારો બાળસ્નેહી'ની રટ લગાવતા દોડે, ભેટી પડે અને આંસુ પણ સારે. પોતાના જીર્ણ વસ્ત્રથી સુદામો

હરિનાં આંસુ લૂછે. પ્રભુ સુદામાનાં ચરણ પખાળે, જાણે સુદામો મળ્યો એથી પોતે ધન્ય થયા!

ચારે બાજુથી 'કુલનાશી' નો ફિટકાર વરસતો હોય, અંતે ઝેરનો પ્યાલો મોકલાય પણ ગિરધર એને અમૃત કટોરો કરી નાખે. એને પીનારી અને ગાનારી મીરાં અમર થઈ જાય. બાળ પ્રહ્‌લાદને હૈયે ભગવાનનું અખંડ રટણ રહેતું હતું. પણ પિતાએ આજ્ઞા કરી કે, 'આ ધગધગતા થાંભલામાં પણ તારો ભગવાન હોય તો જા ભેટ એને.' પણ આ તો નવીનવી રીતોમાં માહેર ભાગીદાર હતા. તેણે ધગધગતા સ્તંભ ઉપર કીડીઓની હાર ચાલી જતી પ્રગટાવી. બાળ પ્રહ્‌લાદ કીડીની એ હાર જોઈને નચિંત થયો. દોડીને સ્તંભને ભેટી પડ્યો. ત્યારે પોતે નૃસિંહ રૂપે પ્રગટ થયા.

એ દુર્યોધનના મેવા-મિઠાઈને ઠોકર મારી શકે અને વિદુરજીની ભાજીને પરમાનંદપૂર્વક આરોગી શકે. દ્રૌપદીની વલવલાટભરી એક ચીસે કૌરવરૂપી સમુદ્રમાંથી તેને ઉગારી લેવા એકનું હજારગણું કરીને વસ્ત્રો પૂરે. દુઃશાસન થાકે, પણ પોતે વસ્ત્રો પૂરતાં ન થાકે. આવી લીલા એને આવડે. નરસિંહ મહેતા જેવા ઓલિયા જીવનું હરિકર્તન અખંડ રહે એ માટે એના ઘરનાં નાનાં-મોટાં કામ દામોદર શેઠના વાણોતર બનીને ઉકેલી આપે.

ભક્ત પુંડરિકની માતૃ-પિતૃ ભક્તિથી પ્રસન્ન થઈ પાંડુરંગ સામે ચાલીને મળવા આવે. ભગવાન પોતે આવીને ઊભા રહ્યા પણ પુંડરિક માતા-પિતાની સેવામાં મશગૂલ હતા. એક ઈંટ અંબાવી કહ્યું, 'ઘડીક આના પર ઊભા રહો. હું માતાપિતાની સેવા કરી લઉં.' અને ઈંટ (વીટ) પર પોતે પ્રતિક્ષા કરતા ઊભા રહ્યા. માત્ર ભક્ત પ્રતિક્ષા કરે એવું નહિ, ભગવાન પણ ભક્તની પ્રતિક્ષા કરી શકે. અને ભગવાને ખુશ થઈને પુંડરિકને વરદાન માગવાનું કહ્યું તો ભક્ત પણ રમતનો કેવો અસામાન્ય ભેરુ કે તેણે માગ્યું, 'બસ, આમ જ ઊભા રહો કાયમ!' અને વિઠ્ઠલ ભક્તનો મહિમા વધારવા ઊભા પણ રહ્યા! ભગવાનની રમતના નિયમો જ અલગ. ગજેન્દ્ર સપિરવાર સરોવરમાં નહાતો હતો ત્યારે મગરે એનો પગ પકડ્યો, ગજેન્દ્રનું પાણીમાં જોર ઘટવા લાગ્યું, મગરનું વધવા લાગ્યું. થાકેલો ગજેન્દ્ર સૂંઢ સુધી ડૂબી ગયો ત્યાં સુધી તેણે પ્રયત્ન કર્યો. આખરે પડખેનું કમળ સૂંઢમાં લઈ વિનવણી કરી, 'મને આમાંથી ઉગારો.' પછી ભગવાને ચક્ર સુદર્શનથી મગરને હણીને ગજેન્દ્રને ઉગાર્યો.

ભગવાનની સંતાકૂકડીના નિયમો અને નિર્ણયો એના ઘડેલા હોય છે. એ ક્યારે કેવા સ્વરૂપે રમતમાં જોડાશે એ ભલે પોતે નક્કી કરે, પણ આપણને એકલાં તો ન જ મૂકે! એટલે એની સાથેની સંતાકૂકડી આટલી રસભરી અને આનંદભરી હોય છે. આવી સંતાકૂકડી રમવાનું બીજાનું ગજું નહિ. હિન્દીમાં એને'લુક્કા-છિપી' કહે છે. ઘડીક દેખાય, ઘડીક છુપાય-સંતાય. ભગવાનની સંતાકૂકડી કદી અટકતી નથી, માત્ર એનું રૂપ બદલાયા કરે છે. એટલે માણસ પણ નવીનવી રીતે રમત રમ્યા જ કરે છે અને આનંદ માણ્યા કરે છે.

શાળાકીય શિસ્ત

- ડૉ. દિનેશકુમાર ડી. પરમાર

શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા થતી અશિસ્ત અને અશાંતિ સંદર્ભે ઘણી ખણખોદ થતી જોવા મળે છે. ઘણી શાળાઓમાં બાળકોએ જાણે 'Silence Zone' માં પ્રવેશ મેળવી લીધો હોય તેવું ભાવાવરણ જોવા મળે છે તેમજ શાળાઓમાં 'KeepSilent' નાં સાઈનિંગ બોર્ડ પણ લગાવેલાં હોય છે. હોસ્પિટલ કે અન્ય સંવેદનશીલ જગ્યા ઉપર શાંતિ જરૂરી છે, તેમાં બેમત નથી, પણ શાળામાં બાળકો વિશ્રાંતિ સમયમાં, રમત-ગમતના મેદાનમાં કે બે તાસ વચ્ચે થોડો સમય મળે ત્યારે કિલકિલાટ કરે કે, વિષયશિક્ષકે શીખવેલ વિષયવસ્તુ અંગે સમજાયેલ અને ન સમજાયેલ બાબતો વિશે તંદુરસ્ત ચર્ચા કરે કે, થોડા સમય માટે અંગત વાતો કરે તો તેની પરહેજ ના હોવી જોઈએ. પરંતુ જો વિદ્યાર્થીઓ શોરબકોર કરે, નિયંત્રણ બહારનું વર્તન કરે કે અન્ય વર્ગોને અડચણરૂપ થાય તેવું વર્તન કરે તો તે સમયે તેમને શાંત રાખવા એ શિક્ષકોની નૈતિક ફરજ અને જવાબદારી છે.

શાળાની શિસ્તને શિક્ષણવિદોએ ત્રણ વિભાગમાં વિભાજિત કરી છે. (૧) દમનયુક્ત શિસ્ત, (૨) પ્રભાવશાળી શિસ્ત અને (૩) સ્વયંશિસ્ત. આપણે ત્યાં બહુધા પ્રથમ પ્રકારની શિસ્ત જાળવવા માટે ધમપછાડા થતા આપણે જોઈએ છીએ. જેમાં ઘણીવખત સારસ્વતો શારીરિક અને માનસિક હિંસાના શરણે જઈને બાળકો પર પોતાની પ્રકૃતિની લાલચોળ છાપ ઉપસાવતા નજરે ચડે છે. છાસવારે શાળાઓમાં બનતા શિક્ષકો-શિક્ષકો વચ્ચે શારીરિક કે માનસિક ખેંચતાણના બનાવોથી આપણે ક્યાં અજાણ છીએ? આની ઘેરી અસર બાળકોના માનસપટ પર પડ્યા વગર રહેતી નથી, આપણે શિક્ષક થયા, બાળકો કરતાં ઉંમરમાં મોટા થયા તો પણ આપણામાં આદર્શ પ્રકારની શિસ્ત આત્મસાત્ થઈ શકી છે કે કેમ? એનું ચિંતન કરવું રહ્યું! વળી, આપણે આપણાથી નાનાં, જેમની ઉંમર જ વાતો, રમતો અને નિર્દોષ આનંદ મેળવવાની છે, તેવાં બાળકો પાસે આદર્શ વર્તનની અપેક્ષા રાખીને આકરા વર્તનથી તેઓને ચૂપ કરી દઈને તેમના પાંગરતા જતા વિકાસને કુંઠિત કરતા હોઈએ છીએ. અહીંયા તોફાની કે ખૂબ જ અવળચંડાઈ કરનાર વિદ્યાર્થીઓનાં પક્ષ કે ઉપરાણાની બિલકુલ વાત નથી. હું તેમનો પક્ષધર પણ નથી. તેમને શાંત કરવા માટેની ઘણી પ્રવિધિઓ, જેવી કે શાળા અને શિક્ષકોનો આદર્શ વર્તન વ્યવહાર, તોફાની અથવા તો ગેરશિસ્ત આચરનાર બાળકોના ઘરની મુલાકાત, તેનાં રસ રૂચિ, તેનું મિત્ર વર્તુળ, તે બાળકને શાળામાં મહત્ત્વની જવાબદારી

સોંપવી વગેરે જેવા ઉપાયોને વિદ્વાનોએ સૂચિત કર્યા છે, તે ઉપાયોનો વિનિયોગ કરવાથી આ પ્રકારની ગેરશિસ્તનો પ્રશ્ન સહજ રીતે ઉકેલી શકાય છે. આ પ્રથમ પ્રકારની દમનયુક્ત શિસ્તે તો શાળા અને શિક્ષણની ઘોર ખોદી છે. આ શિસ્તને ત્યાગવી જ રહી. શું તે ત્યાગ આપણે કરી શકીશું?

બીજા પ્રકારની શિસ્ત થોડા ઘણા અંશે સ્વીકારી શકાય, સંપૂર્ણપણે નહીં, પ્રભાવશાળી શિસ્ત એ શિક્ષક કે આચાર્યના પ્રભાવ પર અવલંબિત છે, તેઓની ગેરહાજરીથી આ પ્રકારની શિસ્ત બિનફળદ્રુપ કે વાંઝણી થઈ જાય છે. આમ તો, શાળા અને શિક્ષકોનો મૂળ ધ્યેય બાળકો પર પ્રભાવ પાડી તેમને આંજી દઈને તે કશુંય દેખે નહીં એવો નથી પણ બાળકોનું જીવન પ્રકાશમય બને તેવો હોય છે! આથી જ કેળવણી વિશે કહેવાયું છે, ''તમસો મા જ્યોર્તિગમય.'' આમેય પ્રભાવ ક્ષણજીવી હોય છે, જ્યારે ભીતરી પ્રકાશ શાશ્વત અને સ્થાયી બની રહી વિદ્યાર્થીઓને આંતરરાહ ચીંધે છે. ઘણીવખત વર્ગખંડમાં શિક્ષક કરતાં ડસ્ટરનો પ્રભાવ વધારે જોવા મળતો હોય છે. અમુક શિક્ષકના અવાજથી શાંત ન થતાં બાળકો ડસ્ટર પછાડવાના અવાજથી એકદમ શાંત થઈ જતાં હોય છે! પ્રભાવ કોનો ડસ્ટરનો કે શિક્ષકનો તે એક ચિંતનનો વિષય બની રહે છે!

ત્રીજા પ્રકારની શિસ્ત કાયમ માટે આવકાર્ય અને સ્વીકાર્ય છે. જેનું અસ્તિત્વ ભીતરી હોય છે. આ શિસ્ત લાદેલી કે પ્રભાવશાળી નથી હોતી પણ અંતઃસ્ફૂરિત હોય છે. સ્વયંશિસ્તથી કેળવાયેલા વિદ્યાર્થી હરહંમેશ આદરને પાત્ર બની રહે છે, પરંતુ આ પ્રકારની શિસ્તનું સર્જન કરવું તે કંઈ જેવી તેવી વાત નથી. તે માટે શાળા, શિક્ષકો અને આચાર્યે આકરી શિક્ષણ સાધના કરીને શિક્ષણને સમર્પિત થવું પડતું હોય છે, જે ખૂબ જ મહેનત અને કસોટી માંગનારી બાબત છે, જે શાળા આમાં સૂપેરે પાર ઉતરે છે, ત્યાં સ્વયંશિસ્ત ખીલવી કે કેળવી શકાય છે અને આ પ્રકારની કસોટીમાં જે શાળા ઊણી ઉતરતી હોય ત્યાં નીત-નવીન અશિસ્તનાં પ્રશ્નો ખડા થાય તેમાં તે શી નવાઈ?

જે નર્યા શિક્ષણ સાથે સંબંધિત વ્યક્તિઓ છે તે બાળકોના સર્વાંગી વિકાસ માટે શક્ય બધું કરી છૂટતા હોય છે. બાળકની મૂળભૂત પ્રકૃતિને ઉવેખીને ક્યારેક જાણ્યે અજાણ્યે આપણા વિચારો બાળકો પર થોપતા હોઈએ છીએ. વધારે પડતાં નિયંત્રણ અને વધુ પડતી અપેક્ષાઓને કારણે બાળકને મૂંગોમંતર કરી દેવામાં ક્યારેક આપણે પાવરધા સાબિત થઈએ છીએ અને એક સ્મશાનવત્ શાંતિનું સર્જન કરીએ છીએ, જેમાં બાળકની સુષુપ્ત શક્તિઓ, ભાવનાઓ, લાગણીઓ અને આકાંક્ષાઓ બળીને ખાખ થતી જોવા મળે છે. ઘણીવખત આ સંવેગો અને કૌશલ્યો ભીતરમાં ધરબાઈને કાયમ માટે નિષ્ક્રિય રીતે પડ્યાં રહે છે અને સમય આવે ત્યારે દાવાનળ કે જ્વાળામુખીની માફક વિસ્ફોટ થઈ સમાજને દઝાડતા હોય છે.

માતા-પિતા અને શાળાના સારસ્વત મિત્રોનું વર્તન એ જ બાળક માટે આરસી છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)

નમ્રતા એટલે પ્રભુતા

- રણછોડ શાહ

સમય હંમેશા ગતિશીલ હોય છે. તેમાં પ્રગતિ પણ હોય અને ક્યારેક અધોગતિ. સૌ આગળ વધવા ઈચ્છે તે સ્વાભાવિક છે. પ્રગતિ કરવા માટે વિવિધ ગુણો હોવા આવશ્યક છે. જે વ્યક્તિ પોતાની કામગીરી જવાબદારીપૂર્વક કરે તે વ્યક્તિ પ્રગતિ તો કરે છે. ક્યારેક પ્રગતિ વ્યક્તિને સદ્‌ગુણી બનાવે છે તો ક્યારેક તેનાથી વિપરીત પણ થાય. પ્રગતિને સાચવવી અને પચાવવી અત્યંત કઠિન છે. પ્રગતિ વ્યક્તિત્વના વિકાસને ઉજાગર કરે છે.

ખાસ કરીને છેલ્લા ત્રણ દાયકામાં ભારતમાં આવેલ વૈશ્વિકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણને કારણે લોકોની આર્થિક સ્થિતિમાં અકલ્પનીય પ્રગતિ થયેલી નજરે પડે છે. ઉદારીકરણને કારણે સરકારે નીતિ નિયમોમાં અનેક પ્રકારની છૂટછાટો આપી છે. ખાસ કરીને ધંધાકીય ક્ષેત્રે. તેને કારણે અત્યંત પ્રગતિ થઈ છે. ઉદારીકરણને કારણે વ્યક્તિગત અને સંસ્થાગત ક્ષેત્રે આર્થિક વૃદ્ધિ થઈ હોય તેવું ચિત્ર સ્પષ્ટ દખાય છે. વ્યક્તિગત આમદાનીમાં વૃદ્ધિ થઈ છે. બજારમાં પૈસો દેખાઈ રહ્યો છે. આ શક્ય બન્યું કારણ કે સરકારે ખાનગીકરણને પ્રોત્સાહન આપ્યું. મોટાભાગની વ્યક્તિઓ આર્થિક રીતે પોતે આગળ વધે તો સાથી કાર્યકારોને પણ તેનો લાભ થાય તેવું જોતા હોય છે. સાથીઓને સાથે લઈને ચાલવાની આપણી સંસ્કૃતિ છે. આ પરિસ્થિતિમાં વૈશ્વિકરણે મહત્વનો ભાગ ભજવ્યો છે. આજે દુનિયા એક વૈશ્વિક ગામડું બની ગયું છે. ૧૯૯૧માં તત્કાલિન વડાપ્રધાન પી. વી. નરસિંહરાવ અને તે સમયના નાણામંત્રી ડૉ. મનમોહન સિંઘની સમજણથી ભારતમાં ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકરણ અમલમાં આવ્યું. આ ત્રણ નિર્ણયોને કારણે વ્યક્તિગત અને સંસ્થાગત ક્ષેત્રે આર્થિક સ્થિતિમાં પ્રગતિ થઈ. સંસ્થા અને વ્યક્તિની આર્થિક સ્થિતિ ધીરેધીરે મજબૂત બનતી ગઈ. લગભગ મોટાભાગના લોકો વ્યક્તિગત ધોરણે પણ નાણાંકીય રીતે આગળ વધ્યા.

આજ પરિસ્થિતિ રાજકીય ક્ષેત્રે પણ થઈ. થોડા વર્ષો અગાઉ વિવિધ રાજકીય પક્ષના કાર્યકરો આંતરમુખી હતા. પોતાનાથી થાય તે સામાજિક સેવા કરતા. રાજકીય પક્ષો પોતપોતાની વિચારધારાને આધારે કાર્ય કરે છે. તેથી જે તે પક્ષના કાર્યકરો તેમની નીતિરીતિ અનુસાર કાર્ય કરતા હતા. પરંતુ ધીમે ધીમે તેમાં પણ કાર્યકર્તાઓ આગળ વધતા હોય તેવું નજરે પડે છે. વર્તમાનમાં નાનામાં નાના કાર્યકર પણ અત્યંત ઉચ્ચકક્ષાના નેતા

હોય તેવું વર્તન કરે છે. આ પરિવર્તન અકલ્પનીય બન્યું છે. સૌ પાસે અમર્યાદ સત્તા હોય તેવો દેખાવ કરે છે અને હાઉ પણ ઊભો કરે છે. તેમની પાસે સત્તા અને સંપત્તિ બંને આવી ગયા.

છેલ્લા ૩૦ થી ૩૫ વર્ષમાં સમાજનો બહુ મોટો વર્ગ સત્તા અને સંપત્તિનો માલિક બન્યો. આ વર્ગે આ બધું રાતોરાત મેળવ્યું છે. તેમની લાયકાત કરતાં અનેકગણું વધારે મેળવ્યું છે. તેથી તેઓમાંથી નમ્રતાનો સદ્‌ગુણ તદ્દન અદૃશ્ય થયેલો સતત નજરે ચડે છે. નમ્રતા એટલે માત્ર વિનયી જ નહીં, પરંતુ આજ્ઞાંકિતપણું પણ ખરું જ. નમ્રતાનો પૂર્ણ અર્થ તો શૂન્યતા છે. શૂન્યતા એ મોક્ષની સ્થિતિ છે. નમ્ એટલે નમવું, છોડી દેવું તેમ ગણી શકાય. નમ્રતા એક વૃત્તિ છે, સુટેવ છે. વિનય અને વિવેકનો સરવાળો એટલે નમ્રતા. આપણામાં કહેવત છે કે ‘‘નમે તે ભગવાનને ગમે.’’ નમ્રતા તો પ્રભુતા છે. જે વ્યક્તિ નરમાશ જાળવે છે તે સૌને પ્રિય થઈ પડે છે. વિનમ્રતાથી મોટો કોઈ સદ્‌ગુણ નથી. નમ્રતા તો પ્રગતિના પથનું પહેલું પગથિયું છે. પરંતુ સત્તા અને સંપત્તિના મદમાં આ સનાતન સત્ય સમજાવવું કઠીન જ નહીં અશક્ય લાગે છે.

નમ્રતા એ ‘બાયલાપણું’ નથી. નમ્રતા એટલે શક્તિવિહીન નહીં. નમ્રતા એટલે બીકણ નહીં. નમ્રતા એટલે નમાલાપણું નહીં. નમ્રતા એ નબળી સ્થિતિ દર્શાવે છે તેમ નથી જ.પરંતુ કમનસીબે સમાજમાં કેટલાક લોકો નમ્રતાને લઘુતાગ્રંથી સાથે જોડી દે છે. જે કાંઈ કરી શકતો નથી તે નમ્ર છે તેમ સમજવામાં અને સમજાવવામાં આવે છે. નમ્રતાને તાબેદારી કે પરાધિનતા સમજવામાં આવે છે. નમ્રતા એ ગુલામી નથી પરંતુ નમ્રતા તો વિનય અને વિવેકની ઉચ્ચત્તમ સ્થિતિ છે. નમ્ર બનવું તે જેવા-તેવાનું કામ નથી. નમ્ર બનવા માટે જબરદસ્ત ધીરજ અને સહનશીલતાની જરૂર પડે છે. નમ્રતા ગ્રહણ કરવા અને આચારવા માટે અદ્‌ભૂત શક્તિની જરૂર પડે છે. નમ્ર વ્યક્તિએ પોતાની જાત ઉપર કાબૂ રાખવો પડે છે. ગમે તેવા ઉશ્કેરાટની વચ્ચે પણ વ્યક્તિએ પોતાની જાત ઉપર કાબુ રાખવો પડે છે. પોતાનું નુકસાન થતું હોય તો પણ નમ્રતાપૂર્વક વર્તન કરી શાંત રહેવું કાચાપોચાનું કામ નથી. જે વ્યક્તિ મન ઉપર જબરદસ્ત કાબુ રાખી શકે તે જ વિનમ્ર રહી શકે.

વર્તમાન સમયે સત્તા (Power) સંપત્તિ (Money) અને શક્તિ (Strength)એ પ્રદર્શનનો વિષય બની ચૂક્યા છે. આ ત્રણનો માલિક સર્વાસત્તાધીશ છે તેવું માને છે. તે ધારે તે કરી શકે છે તેવી માન્યતા સમાજમાં સ્થાપિત થઈ ચૂકી છે. પરંતુ તે વાત સાચી નથી. કોઈપણ વ્યક્તિ નમ્ર હોય તો પાંચમા પૂછાય છે. તેથી તો મહાન પુરૂષોએ ‘નમ્રતા’માં ‘પ્રભુતા’ના દર્શન કર્યા છે. તેથી જ અલગ ચીલો ચીતરનાર મહાપુરૂષો સદાય નમ્ર રહ્યા છે. નમ્રતાએ જ તેમને ઇતિહાસના વ્યક્તિ બનાવ્યા છે. તેઓ ક્ષણજીવી નહીં ચિરંજીવી બન્યા છે.

ઑપરેશન સિંદૂર

- પાલખીવાલા અમિતાબેન મનુભાઈ

કાશ્મીર - ભારત વર્ષનો સૌભાગ્ય ચાંદલો એટલે કાશ્મીર. એ રળિયામણી સવારે સાત અશ્વની લગામ હાથમાં રાખીને સૂરજના ઉજ્જવળ કિરણોએ પોતાનો અદ્‌ભુત રંગ છેડ્યો હતો. પહેલગામની બૈસરન ઘાટીમાં પ્રકૃતિનો ચમત્કાર, કુદરતની કમાલ અને સૃષ્ટિમાં સંવાદિતાનું સંગીત હતું. સહેલાણીઓના દિલમાં કલશોર હતો, લાગણીઓનો ગુલમહોર હતો. લોકો ફરતા હતા, રમતા હતા, પ્રકૃતિને માણતા હતા, પણ ત્યાં તો 'એ' આવ્યો. પૂછ્યો ધર્મ અને નિઃશસ્ત્રી લોકો પર ગોળીઓની બઘડાટી અને ૨૫ નિર્દોષો શહીદ થઈ ગયા. આતંકવાદના ખેલમાં. આ તો માનવતાનું હનન હતું. એ ગોઝારો દિવસ હતો, ૨૨ એપ્રિલ ૨૦૨૫.

કલમ ૩૭૦ નાબૂદ થયા પછી કાશ્મીરમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ, કરોડો રૂપિયાના રોકાણના પ્રસ્તાવ, નવી આર્થિક તકો, હાઇડ્રો-ઈલેક્ટ્રિક પ્લાન્ટસથી પ્રકાશિત થયેલા ગામડાઓથી હતાશ થયેલી પાકિસ્તાની સેના અને આઈ. એસ.આઈ. અને તેમાં પણ ભારતદ્વેષ. તેમાં ખલેલ પહોંચાડવાનો એક માત્ર રસ્તો પ્રવાસીઓ પર નિર્દયી હુમલો કરીને ખીણને ફરીથી લોહીલુહાણ કરી દેવામાં આવે તે હતો.

નાપાક પાક દ્વારા વારંવાર થતી આવી કાયરતાપૂર્ણ આતંકવાદી ઘટનાઓનો જવાબ આપવા માટે સમગ્ર દેશ, દરેક નાગરિક, સમાજ, પ્રત્યેક વર્ગ, દરેક રાજકીય પક્ષ એક જ સ્વરમાં, આતંક વિરુદ્ધ સખત કાર્યવાહી માટે ઊભા થયા. આથી જ જનસમાજના ઊના ઊના લ્હાય જેવા આંસુઓનો, તેમના ઉચ્છ્‌વાસમાંથી નીકળતા નિઃશ્વાસનો, એમના હૃદયમાં થયેલા થડકારોનો, એમની વેદનાનો, ગુસ્સાનો, ભાવનાઓનો, લાગણીઓનો પાકિસ્તાનના આતંકીયોને જડબાતોડ જવાબ આપવાનો સમય આવી પહોંચ્યો. સાત મે ૨૦૨૫ના દિવસે અને ભારતનો જડબાતોડ જવાબ એટલે ઑપરેશન સિંદૂર!

ઑપરેશન સિંદૂર... પહેલગામમાં હિન્દુ મા, બહેન, બેટીઓના ઉજડેલા સિંદૂર સાથે સીધી રીતે જોડાયેલી રાષ્ટ્રની લાગણીઓ જોતાં ઑપરેશન સિંદૂર નામ કેવું માર્મિક છે! સ્ત્રીના લલાટ પર શોભતું સિંદૂર એ તેની સઘળી ખુશહાલીનું પ્રતિક મનાય છે. ઑપરેશન સિંદૂરના નામમાં કરોડો ભારતીયોનો આક્રોશ ધબકે છે. ઑપરેશન સિંદૂર આ નામકરણ ભારતની મહિલાઓનું રક્ષણ કરવા, તેમના નુકસાનનો બદલો લેવા અને દુઃખના સમયમાં તેમની સાથે ઊભા રહેવાના સંકલ્પ તરીકે જોવામાં આવી રહ્યું છે. પહેલગામના

આતંકવાદી હુમલામાં ધર્મ જાણ્યા પછી ૨૫ હિન્દુ પુરુષોની હત્યા કરાઈ હતી, જે હિન્દુ સ્ત્રીઓના 'લગ્ન' પર હુમલો હતો. 'ઑપરેશન સિંદૂર' નામ આપીને ભારતીય સેના અને સરકારે હિન્દુ મહિલાઓ સહિત સમગ્ર રાષ્ટ્ર સાથે ઊંડું ભાવનાત્મક બંધન પણ સ્થાપી દીધું. આ ઑપરેશનના નામમાં બહાદુરીના કોઈ શબ્દો નહીં, કોઈ નફરતની વાર્તા નહીં, હિન્દુ-મુસ્લિમ વૈમનસ્યની કોઈ ભાષા નહીં. પણ 'એ' મહિલાઓના ન્યાય, સન્માન અને પ્રતિશોધનું રૂપ છે 'ઑપરેશન સિંદૂર'. બર્બર દાનવીય તાકાતના આક્રમણનો દસ્તાવેજ છે 'ઑપરેશન સિંદૂર'. હસતી-રમતી લાચારીથી મદદ માંગતી, આંસુ અને દર્દથી છલકાતી સ્ત્રીઓની વિવિધ લાગણીઓને પ્રતિકાત્મક રીતે પ્રતિબિંબિત કરવા રચાયું 'ઑપરેશન સિંદૂર'. ઑપરેશન સિંદૂર એ માત્ર જવાબ નથી. શંકરાચાર્યએ કહ્યું તેમ એ, ''ભારતની શક્તિનું ઘોષણાપત્ર છે.'' જ્યારે આપણા માનનયી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું તેમ, ''ઑપરેશન સિંદૂર એ કોઈ સામાન્ય અભિયાન નથી, તે ભારતની નીતિ, નિયત અને નિર્ણાયક ક્ષમતાનો સંગમ છે.''

આ એ ભારતભૂમિ છે જ્યાં રક્ત ટપકતી સો સો ઝોળીનો રંગ લાલ સિંદૂર હતો. અગ્નિસુતા દ્રૌપદીના પ્રતિશોધનો રંગ, માતા સીતાનું પતિવ્રત કે સાવિત્રીની શક્તિનો રંગ, વીજળી બનીને ત્રાટકતી ઝાંસીની રાણીના સ્વમાનનો રંગ કે માતંગિની હાજરાના તમતમતા ચહેરાનો રંગ લાલ સિંદૂર હતો. ઝલકારીબાઈના જોશ-ખરોશ (આવેગ)નો રંગ કે જૌહર જવાલામાં કૂદી પડનાર હજારો વીર પદ્મિનીઓના શણગારનો રંગ લાલ સિંદૂર હતો.

બલિદાનીઓના રક્તનો રંગ લાલ સિંદૂર છે. ઉજડ્યું જે સેંથીનું સિંદૂર રંગ લાલ સિંદૂર છે. અતિ ક્રોધથી લોહીમાં ઊઠતી અગ્નિની અનલનો (જ્વાળા) રંગ લાલ સિંદૂર છે. શુભ કાર્યોમાં મુખ્ય ગણાતો રંગ લાલ સિંદૂર છે. ભારત મા ના ભાલે શોભિત રંગ લાલ સિંદૂર છે.

ઑપરેશન સિંદૂર... શું છે ઑપરેશન સિંદૂર? ધર્મને નામે હેવાનિયતની ભભૂકતી અગનઝાળનો ઉત્તર છે 'ઑપરેશન સિંદૂર'. માનવતાની ગુહાર છે 'ઑપરેશન સિંદૂર'. ડૂસકે ડૂસકે રડી રહેલા અંધારાને ભેદવાનું પગલું છે 'ઑપરેશન સિંદૂર'. મા-બહેનોના અપમાનનો હવનકુંડ છે 'ઑપરેશન સિંદૂર'. એક ચપટી સિંદૂરની તાકાતનો વિશ્વને સંદેશ છે 'ઑપરેશન સિંદૂર'. મનોજ મુંતશિર કહે છે, ''હિન્દુસ્તાનના સિંદૂરમાં લોહીથી વધુ લોખંડ છે.'' પરાક્રમ અને શૌર્યની લડાઈ છે 'ઑપરેશન સિંદૂર'. ધર્મની લડાઈ નહીં, પણ યુદ્ધ ધર્મનો પરચમ લેહરાવનાર છે 'ઑપરેશન સિંદૂર'. આતંક વિરુદ્ધનું ધર્મયુદ્ધ છે 'ઑપરેશન સિંદૂર.'

ઑપરેશન સિંદૂર એ ભારતની લશ્કરી અને વ્યૂહાત્મક શક્તિનું એક મહત્ત્વપૂર્ણ પગલું છે. લશ્કરી અને બિનલશ્કરી માધ્યમોના સંયોજનથી ચલાવવામાં આવેલી આ

કામગીરીએ આતંકવાદી જોખમોને અસરકારક રીતે નિષ્ક્રિય કરીને આતંકવાદ પ્રત્યે ભારતની શૂન્ય-સહિષ્ણુતા નીતિને મજબૂતીથી લાગુ કરી છે.

ઑપરેશન સિંદૂર અંતર્ગત સરકારે લીધેલા બિન-લશ્કરી પગલાંઓમાં સરકારે સેનાને આ ઑપરેશનની કામગીરી અંગે નિર્ણય લેવાની, સ્થળ અને સમય નક્કી કરવાનો તથા કાર્યની પદ્ધતિ અંગેનો સ્વતંત્ર નિર્ણય કરવાનો અધિકાર આપ્યો. પાકિસ્તાનમાં લશ્કરી મથકો કે નાગરિક લક્ષ્યો પર હુમલો નહીં, પણ માત્ર આતંકવાદી સંગઠનોનો નાશ કરવાનો સરકારનો હેતુ શરૂઆતથી જ સ્પષ્ટ હતો. આથી સેનાએ પણ આતંકવાદનો યોગ્ય જવાબ આપવાના દૃઢ રાષ્ટ્રીય સંકલ્પ સાથે કામગીરી આરંભી. જેમાં બૈસરન ઘાટીના ચારેબાજુના વિસ્તારને સીલ કરી દીધું. પોલીસ, સેના, સીઆરપીએફ (Central Reserve Police Force) ના દરોડા, ડ્રોનથી દેખરેખ, માનવ પેટ્રોલિંગ અને ઉપગ્રહો દ્વારા આતંકવાદીઓ પર સતત નજર રાખવામાં આવી. અને તેની તસ્વીરોના આધારે સર્ચ ઑપરેશન માટેની રણનીતિની તૈયારી કરી. મોબાઇલ સિગ્નલ ટ્રેકિંગ અને કોલ ઇન્ટરસેપ્શન (વચમાંથી પકડવું) દ્વારા બૈસરન ખીણ અને તેની આસપાસના મોબાઈલ ટાવર્સ પરથી કેટલાંક શંકાસ્પદ નંબરો આંતરીને તેના પર જરૂરી કાર્યવાહી કરી. સેટેલાઇટ ઇમેજિંગ દ્વારા ગીચ વિસ્તારોમાં તાજા બનેલા રસ્તાઓ અને અસામાન્ય પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કર્યું. જીઓફેન્સિંગ (Geofencing) દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં શંકાસ્પદ મોબાઇલ ઉપકરણની હિલચાલની માહિતી તાત્કાલિક મેળવવાનો પ્રયત્ન કર્યો.

ઉપરાંત આ બિન-લશ્કરી પગલામાં ભારતે જ્યાં સુધી પાકિસ્તાન વિશ્વસનીય અને અટલ રીતે આતંકવાદને ટેકો આપવાનો ઇન્કાર ન કરે ત્યાં સુધી ૧૯૬૦ની સિંધુ જળ સંધિ તાત્કાલિક અસરથી સ્થગિત કરવાનું ઐતિહાસિક પગલું ભર્યું. આનાથી પાકિસ્તાનને કૃષિ નુકસાન, ખોરાકની અછત, મોટા શહેરોમાં પાણીનું રેશનિંગ, કાપડ અને ખાતર જેવા ઉદ્યોગોની બેહાલી જેવા અનેક દૂરગામી પરિણામો ભોગવવા પડશે. સંધિને સ્થગિત કરીને, ભારતે એક નિર્ણાયક સંદેશ આપ્યો - ''રક્ત અને પાણી એક સાથે વહી શકતા નથી.''

ભારતે અટારી-વાઘા સરહદ બંધ કરી, ડુંગળીની નિકાસ પર અને સિમેન્ટ, કાપડની આયાત પર પ્રતિબંધ મૂકીને ભારતે પાકિસ્તાન સાથેના તમામ દ્વિપક્ષીય વેપારને પણ સ્થગિત કરી દીધો. ભારતના આ પગલાંથી પહેલાંથી જ ફૂગાવો અને દેવાની કટોકટી સામે ઝઝૂમી રહેલા પાકિસ્તાનની આર્થિક જીવનરેખાઓ કાપીને ભારતે તેના શૂન્ય સહિષ્ણુતાના વલણને મજબૂત બનાવ્યું.

પહેલગામ પરના આતંકી હુમલા પછી ભારતે તરત જ દેશમાં રહેતા લોકોના પાકિસ્તાનના વિઝા રદ કરી દીધા, સાર્ક વિઝા

મુક્તિ યોજના (SVES - State Verification & Exchange System) હેઠળ પાકિસ્તાનના નાગરિકોને ભારતની મુસાફરી રદ કરી, પાકિસ્તાનના કલાકારો પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો. પ્રદર્શન, સંગીત, સાંસ્કૃતિક આદાન-પ્રદાન સ્થગિત કર્યું. નવી દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનમાં સંરક્ષણ-લશ્કરી, નૌકાદળ અને હવાઈ સલાહકારોને "Persona non grata" (અનિચ્છિત વ્યક્તિ) તરીકે જાહેર કરવામાં આવ્યા. પાકિસ્તાનની ડિજિટલ વૉર સામે સાયબર વૉર રૂમ તૈયાર કરીને ભારતે સોશિયલ મિડીયા દ્વારા ભય અને અસ્થિરતા પેદા કરવાના પાકિસ્તાનના ઈરાદાને AI (Artificial Intelligence) સોફ્ટવેર દ્વારા જડબાતોડ જવાબ આપ્યો.

ઑપરેશન સિંદૂર એ કોઈ લશ્કરી કાર્યવાહી નથી, પણ પાકિસ્તાનને - આતંકવાદને એક સ્પષ્ટ સંદેશ છે કે ભારત હવે તેને સહન કરશે નહીં. આથી જ ભારતે ભલે વિલંબિત પણ ખૂબ જ વિચારપૂર્વક અને ખૂબ જ વ્યાવસાયિક રીતે પોતાની લશ્કરી અને બિન-લશ્કરી કાર્યવાહીને મજબૂત કરી.

'ઑપરેશન સિંદૂર' હેઠળ સરકારે લીધેલા લશ્કરી પગલાંઓએ રાષ્ટ્રીય હિત અને સ્વરક્ષણની કાર્યવાહીના ફળ સ્વરૂપે હતાં.

૭ મી મેની મધરાત. વાયુસેના મથક અંબાલાથી 'રફાલ' વિમાનો રવાના થયાં. પાંખો નીચે 'સ્કાલ્પ' મિસાઈલ્સ સહિતનાં શસ્ત્રો દુશ્મન પર પ્રહાર માટે તૈયાર હતા. તે જ સમયે ગ્વાલિયરથી ફ્રેન્ચ બનાવટના અને ભારતીય સેનાના વિશ્વાસુ 'મિરાજ-૨૦૦૦' રવાના થયા. તેના ભાથામાં 'હેમર બોમ્બ' હતા. આતંકવાદ વિરુદ્ધ શૂન્ય સહિષ્ણુતા હેઠળ ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (POJK) માં સરહદ ઓળંગ્યા વગર જ નવ આતંકી કેન્દ્રો ઉપર સચોટ પ્રહાર કરીને લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમદ અને હિઝબુલ મુજાહિદ્દીનની આંતકી છાવણીઓને ધ્વસ્ત કરી. જેમાં ૧૦૦થી વધુ આતંકીઓ માર્યા ગયા. આમ, ભારતે આતંકવાદીઓ અને એમના પ્રયોજકો બંને ઉપર એક સાથે પ્રહાર કર્યો.

બીજા દિવસે પણ આ ઑપરેશનમાં બરેલીથી 'સુખોઈ-૩૦' રવાના થયા. જેણે બ્રહ્મોસ મિસાઈલો પહોંચાડવામાં મદદ કરી. એક પછી એક છોડાયેલી 'બ્રહ્મોસે' પાકિસ્તાનના એરબેઝને નુકસાન પહોંચાડીને તેની સરહદમાં સોપો પાડી દીધો.

આમ તો 'ઑપરેશન સિંદૂર'માં બેશક ભારતીય સૈન્ય અને નૌકાદળની મહત્ત્વની કામગીરી છે જ. સાતમીની મધરાતે જે હુમલા થયા તેમાં ભારતીય કામીકાઝી ડ્રોનનો પ્રહાર પણ સામેલ હતો, જે સૈન્ય દ્વારા રવાના થયું હતું. આવા ઑપરેશન વખતે સૈન્યની ત્રણેય પાંખો સંયુક્ત રીતે આયોજન કરતી હોય છે. અલબત્ત, છેવટનું કામ તો સૈન્યની જે-તે પાંખ કરે. પણ આ ત્રણેય પાંખો સંયુક્ત રીતે આયોજન કરીને દરેક સ્થિતિને પહોંચી વળવા

તૈયાર રહેતી હોય છે. 'ઑપરેશન સિંદૂર' માં સૌથી મહત્ત્વની ભૂમિકા એરફોર્સની હતી.

એરફોર્સે પાકિસ્તાની મથકો ઘમરોળ્યા, તો ભારતની એર ડિફેન્સ સિસ્ટમે પાકિસ્તાન તરફથી આવતા ડ્રોન, મિસાઇલ્સ, મોર્ટાર, ફાઇટર જેટ હુમલાને આકાશમાં જ અટકાવીને ભસ્મ કર્યા. ભારતે 'હારોપ' અને 'હેરોન' જેવા ઈઝરાયલી બનાવટનાં ઘણાં ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. જેમાં ચોકસાઈ હુમલાઓ માટે 'IAI હારોપ', લોઈટરિંગ દારૂગાળો અને જાસૂસી માટે 'હેરોન' ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. ઉપરાંત પાકિસ્તાનમાં આતંકવાદી માળખાને નિશાન બનાવવા માટે નાગસ્ત્ર-૧નો ઉપયોગ કર્યો હતો. ચાર દિવસના સંઘર્ષને સંપૂર્ણકક્ષાના યુદ્ધમાં ફેરવાતા અટકાવવામાં ડ્રોને મહત્વની ભૂમિકા ભજવી હતી. માનવરહિત આ ડ્રોન એ હુમલાનું મુખ્ય હથિયાર બની રહ્યું. વિશ્વના ઈતિહાસમાં પ્રથમ વખત બે પરમાણુ શક્તિઓએ એકબીજા સામે સંઘર્ષમાં ડ્રોનનો ઉપયોગ કર્યો. બંને દેશો વચ્ચેના સંઘર્ષને પૂર્ણ-સ્તરના યુદ્ધમાં વધાર્યા વિના રાજકીય સંદેશ સ્પષ્ટ કરવાના સાધન તરીકે ડ્રોન ઘણું ઉપયોગી સાધન સિદ્ધ થયું છે. ભારતે ઇલેક્ટ્રોનિક જામિંગ રાઇફલ્સથી પાકિસ્તાનની ડ્રોન સિસ્ટમને પણ જામ કરી.

ભારતની એર ડિફેન્સ સિસ્ટમ - રશિયા પાસેથી ખરીદેલી અને સુદર્શન ચક્ર તરીકે ઓળખાતી S-400 મિસાઇલ્સ સિસ્ટમ, Triumf મિસાઈલ સિસ્ટમ, પિંચોરા મિસાઈલ, ઝડપી પ્રતિક્રિયા આપતી OSA-AK મિસાઈલ, (Surface-to-Air Missles - SAM), LADS કે જે મોર્ટાર અને રોકેટ્સના હુમલાઓને લેઝર દ્વારા ઓળખી બતાવે છે. (Laser Area Defence System), કોઈપણ પ્રકારના હવાઈ ખતરા સામે રક્ષણ આપવા માટે રચાયેલ બરાક-૧૮ અને એન્ટિડ્રોન ટેક્નોલૉજી, રફાલ જેટ, Scalp મિસાઇલ્સ, હેમર બોમ્બ - વગેરેના ઉપયોગ દ્વારા પાકિસ્તાની મોંઘી મિસાઈલ્સના આકાશી હુમલાને નિષ્ક્રિય બનાવ્યા અને ૨૨ એપ્રિલે થયેલા હુમલાનું માત્ર ૨૨ મિનિટમાં મિશન પૂર્ણ કર્યું. 'ઑપરેશન સિંદૂર' એ 'નો કોન્ટેક્ટ વૉર' છે. પાકિસ્તાનમાં કંઈ અડ્યા વગર ઘણું બધું ભારતે ભસ્મ કરી દીધું છે. આ ભારતના એર પાવરની તાકાત છે.

વળી, એર ડિફેન્સ અને ડ્રોનને થાળે પાડવા ભારતે ચારથરી વ્યવસ્થા કરી. આ ચારથરી વ્યવસ્થામાં પહેલાં લેયરમાં સરહદે રહેલા સૈનિકો, ખભે ગન ટેકવીને ડ્રોન પર હુમલો કરી તેને નકામું બનાવે. તે વખતે કેટલાક ડ્રોન બચી પણ જાય તો તેને રોકવા માટે બીજા લેયરમાં ટૂંકી રેન્જની સરફેસ-ટુ-એર મિસાઈલ્સનો ઉપયોગ થાય. જો તેમાંથી પણ ડ્રોન બચી જાય તો ત્રીજા સ્તરમાં મીડિયમ રેન્જ સરફેર-ટુ-એર મિસાઈલનો હુમલો તૈયાર હોય અને છેલ્લે 'બ્રહ્મોસ' સુપરસોનીક ક્રુઝ મિસાઇલ (લોન્ગ રેન્જ મિસાઇલ) તૈયાર હોય કે જે અવાજની ગતિ કરતાં ત્રણ ગણી વધુ ઝડપ ધરાવે છે, જેની સામે ટક્કર લેવાનું દુનિયાના કોઈપણ દેશ માટે શક્ય નથી.

'આકાશતીર' ભારતની સ્વદેશી એર ડિફેન્સ, કન્ટ્રોલ એન્ડ રિપોર્ટીંગ સિસ્ટમ છે. હવામાંથી આવતા ખતરાને હવામાં જ તોડી પાડવાનું કામ એટલે એર ડિફેન્સ. દુશ્મન તરફથી આકાશી માર્ગે કેવો હુમલો આવે છે તે બતાવે છે. 'આકાશતીર' એ હવાઈ પ્રવાહને હવામાં જ ખતમ કરે છે. બધા જ સરફેસ ટુ એર મિસાઈલ્સ (SAM) 'આકાશતીર' સાથે સંકલનમાં હોય છે. પાકિસ્તાન તરફથી દારૂગોળો ભરેલા ડ્રોનને હવામાં જ ખતમ કરવાનું કામ 'આકાશતીર' એ કર્યું. 'આકાશતીર'ની માફક 'આકાશ' પણ ભારતની સ્વદેશી મિસાઈલ છે. અને આપણાં સ્વદેશી સંરક્ષણના સાધનો 'ઑપરેશન સિંદૂર'માં ગેઈમ ચેઈન્જર સાબિત થયા છે. આ ઑપરેશનમાં ભારતે માત્ર શબ્દોથી નહીં પણ કાર્યવાહીથી જવાબ આપ્યો.

ભારતના માત્ર ત્રણ જ કલાકના હુમલામાં જેકોબાબાદ, સીયાલકોટ અને જેની ઉપર પાકિસ્તાનને ખૂબ જ ગુમાન હતું એવું નુરખાન એરબેઝ તેનું નૂર ગુમાવી ચૂક્યું. નુરખાન પાકિસ્તાન માટે સૌથી વધુ વાયુસેના મથક છે. ત્યાંથી પાકિસ્તાની પરમાણુ મથકોનું રક્ષણ થાય છે. ત્યાં જ એર રિફ્યુલિંગ સુવિધા છે. જેનાથી પાકિસ્તાની વાયુસેનાનાં વિમાનો ઉડતાં રહે છે. એ મથકને જ ભારતે હતું ન હતું કરી નાખ્યું છે. જ્યારે સરગોધા, ભોલારી જેવા હવાઈ અડ્ડાઓ, જ્યાં પાકિસ્તાનના દારૂગોળાના ભંડારો અને F-16 અને JF-17 ફાઈટર જેટ્સ રાખવામાં આવ્યા હતા તે સ્થળોએ પણ ભારતે મુખ્ય હવાઈ હુમલાઓ કરીને પાકિસ્તાની વાયુસેનાના માળખાને લગભગ ૨૦ ટકા જેટલું નુકસાન પહોંચાડ્યું. જેમાં મોટી જાનહાનિ, મુખ્ય ફાઈટર જેટનો વિનાશ અને સ્કવોડ્રન લીડર (ઉસ્માન યુસુફ)ના મૃત્યુનો પણ સમાવેશ થાય છે. સૌ પ્રથમવાર એક દેશે પરમાણુ સશસ્ત્ર રાષ્ટ્રના હવાઈમથકો પર કરેલો વળતો હુમલો ઐતિહાસિક દૃષ્ટાંત બની ગયો.

ભારતે પાકિસ્તાનના અધમકૃત્યની સામે જવાબી કાર્યવાહીથી લાહોરથી કરાચીનો કચ્ચરઘાણ કાઢ્યો તેમાં 'ઈસરો'ની ભૂમિકા (Indian Space Research Organisation) પણ પ્રશંસનીય રહી. ISROનું સેટેલાઈટ નેટવર્ક ભારતીય દળોને આતંકવાદી અડ્ડા પર સચોટ હુમલા કરવામાં, હુમલા માટે લક્ષ્યો નક્કી કરવામાં, પાકિસ્તાની આર્મીની દરેક સંવેદનશીલ પ્રવૃત્તિને પકડવા માટે, તેમની રડાર સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક ગતિવિધિઓ પર નજર રાખવા, પાકિસ્તાનના ડ્રોન અને મિસાઈલ હુમલાઓને નિષ્ક્રિય કરવામાં ખૂબ જ મદદગાર રહ્યું.

'ઑપરેશન સિંદૂર' અંતર્ગત ભારત પોતાની રક્ષણાત્મક ક્ષમતાનું પ્રદર્શન કરવા સાથે આપણી માળખાગત સુવિધાઓ અને લશ્કરી સંપત્તિઓનું સંભવિત નુકસાન થતું અટકાવી શક્યું. ત્યારે દુનિયાએ ભારતની વીરતાનો પડઘો સાંભળ્યો.

'ઑપરેશન સિંદૂર' પર ભારતની બ્રીફિંગમાં વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રીએ સંરક્ષણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં

આવેલી માહિતીને વાયુસેનામાં હેલિકોપ્ટર પાયલટ વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘ અને લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી (Army Signal Corps) ને 'ઑપરેશન સિંદૂર' વિશે સંક્ષિપ્ત નોંધ આપવા જણાવ્યું. એ બંનેના અવાજમાં માહિતી આપતી વખતે એકદમ મક્કમ સ્થિરતા હતી. બંનેની આંખો ગર્વિત હતી. બંનેની બોડી લેન્ગવેજ એક યોદ્ધાની બોડી લેંગ્વેજ હતી. 'ઑપરેશન સિંદૂર'ની દરેક ક્ષણની, ભારતીય દળોની શક્તિની, નવા ભારતની પરિવર્તનીય ડિફેન્સના નેતૃત્વની તથા દુશ્મન દેશ સાથે લેવાયેલા બદલાની કે જવાબી કાર્યવાહીની વાત સંયમિત વાણી સાથે દુનિયા સામે મૂકી રહી હતી ત્યારે દુનિયાભરની સ્ત્રીઓ એમનાં પર ગૌરવ અનુભવી રહી હતી. બે મહિલા ઑફિસર્સના નેતૃત્વ દ્વારા ભારતે પણ વિશ્વને મજબૂત અને મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો. 'ઑપરેશન સિંદૂર'ની ગૂંજ ત્યારે પૂરી દુનિયાએ સાંભળી.

'ઑપરેશન સિંદૂર'... આ માત્ર વિજય માટે લડવામાં આવેલું યુદ્ધ નહોતું, માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી, પણ ગંભીર ઉશ્કેરણીના જવાબમાં એક સુનિયોજિત લશ્કરી કાર્યવાહી છે. આ ન્યાયની શરૂઆત છે. ૧૪૦ કરોડ ભારતવાસીઓનો ગુસ્સો છે. 'ઑપરેશન સિંદૂર' થી સ્પષ્ટ થઈ ગયું છે કે 'જે કોઈ ભારતને છંછેડશે, તેને ભારત છોડશે નહીં.'

શહીદ વીરોને શ્રદ્ધાંજલિ સાથે,

જય હિન્દ, જય હિન્દ, જય હિન્દ કી સેના... જય હિન્દ....

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ થી ચાલુ)

મનોવૈજ્ઞાનિકોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ સાબિત કરી આપ્યું છે કે, બાળક અનુકરણથી વધારે શીખે છે. જો આપણું વર્તન જ મૂલ્યની દૃષ્ટિએ શિથિલ હશે તો બાળક પણ મૂલ્યોની દૃષ્ટિએ શિથિલ જ બનવાનું, જે એક અને એકના સરવાળા બે જેવી સાદી વાત છે! તેમજ આપણે મૂલ્યોનું રક્ષણ, જાળવણી અને સંવર્ધન કરીએ તો બાળક મૂલ્યો સહજ રીતે શીખશે જે દીવા જેવી સ્પષ્ટ બાબત છે. બાળકનાં વર્તન, સુઘડતા, સ્વચ્છતા, સુટેવો, શિસ્ત કે અન્ય બાબતે આપણાં વર્તનની અમીટ છાપ બાળકના ઉરમાં ઉપસતી હોય છે. કોઈ બાળકને શારીરિક શિક્ષા કરવામાં આવે તો તે બાળક શિક્ષા સહી લે છે, પરંતુ સમયાંતરે આ શિક્ષાને એ બાળક અન્ય બાળક પર અજમાવતું થઈ જાય છે! તદ્ઉપરાંત આપણે સ્ટાફરૂમમાં દેકારો કરી મૂકતા હોઈએ તો બાળકો એમાંથી એ જ દેકારો જ શીખે છે ને? આથી જો સ્વવર્તન યોગ્ય રીતે કરવામાં હથોટી મેળવી લઈએ તો, બાળકને કોઈ વિશેષ રીતે શિક્ષિત કે દિક્ષિત કરવાની જરૂર રહેતી નથી. હવે આપણે વિચારીએ કે, ખરા અર્થમાં આપણે શિક્ષિત કે દિક્ષિત થયા છીએ ખરા? આ પ્રશ્નોના જવાબમાં જ બાળકનું હાલનું વર્તન પ્રતિધ્વનિત થાય છે. બાળક સ્મશાનવત્ શાંતિમાં રહેવા ટેવાઈ જશે તો તેના ભવિષ્યના જીવનમાં ઘણી અશાંતિનું તાંડવ મચશે જે નિર્વિવાદ બાબત છે! આ દિશામાં આપણે સહુએ શાંતિથી વિચારવું રહ્યું.

સરસ્વતી વિદ્યામંડળ, શૈક્ષણિક સેમિનાર

- અશોક સોમપુરા

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના કર્મચારીઓનું શૈક્ષણિક વ્યક્તિત્વ વિકસે અને રોજિંદા શૈક્ષણિક કાર્યોમાં સતત નવા અભિગમો કેળવાય તે માટે સરસ્વતી વિદ્યામંડળ સતત પ્રયત્નશીલ રહ્યું છે. તેના ભાગરૂપે આ વર્ષે આ હેતુસર તારીખ ૨ અને ૩ મે-૨૦૨૫ના રોજ બે દિવસ શાંતિકુમાર કોઠારી વિદ્યાલય, બાલભારતી, અસારવા, અમદાવાદ ખાતે શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરનો શુભારંભ પ્રાર્થનાગીત, દીપ પ્રાગટ્ય અને મહેમાનશ્રીના આવકાર અને સ્વાગતથી થયો હતો. સૌને આવકાર શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયના આચાર્યશ્રી વિકાસભાઈ પટેલે આપ્યો હતો. ત્યારબાદ સરસ્વતી વિદ્યામંડળના ચેરમેન શ્રી રવિકુમાર ત્રિપાઠીએ રાજ્ય સરકારની શિક્ષણમાં ભૂમિકા અંગેની રજૂઆત ખૂબ જ તલસ્પર્શી રીતે કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની શિક્ષણમાં જે ડખલગીરી છે, તે યોગ્ય નથી. આવી ડખલગીરીના લીધે ઘણી સારી સારી શિક્ષણ સંસ્થાઓ પોતાની આગવી રીતે કામ કરી શકતી નથી. આજની શિક્ષણ પદ્ધતિ માટે પોતાની ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે આજની પદ્ધતિએ શિક્ષકોની વૈચારિક બુદ્ધિ છીનવી લીધી છે. સરકારે એક તૈયાર ગુગલમેપ શાળાઓને આપી દીધો છે તેના ઉપર જ શિક્ષકોએ કામ કરવાનું હોય છે. આ માટે શિક્ષકોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ ગંભીર થવાની જરૂર છે. શ્રી રવિકુમાર ત્રિપાઠીની આ વાતનું અનુસંધાન કરતા સરસ્વતી વિદ્યામંડળના મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ રાજય સરકારની શિક્ષણમાં બિનજરૂરી દખલગીરી અંગે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું કે, ‘‘હવે તો સરકાર આખા વર્ષનું કેલેન્ડર તૈયાર કરીને શાળાઓને આપે છે. જેમાં શાળાએ પરીક્ષા અને અન્ય કાર્યક્રમો ક્યારે કરવા તેના આદેશ હોય છે. શાળાના અભ્યાસક્રમ અને અન્ય શૈક્ષણિક બાબતો અંગે શિક્ષકોએ કંઈ વિચારવાનું રહેતું નથી. આ સ્થિતિ ખરેખર શિક્ષણ માટે યોગ્ય નથી. શિક્ષણમાં સરકારની ભૂમિકા એક ઉદ્દીપક તરીકેની જ હોવી જોઈએ. વધુ પડતા નિયંત્રણો - નિયમો સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં બાધા રૂપ થયા છે. ત્યારબાદ શાળાની પ્રાર્થના સભા - એ વિષય પર અસારવા વિદ્યાલયના આચાર્યા બહેન શ્રી તૃપ્તિબેન ત્રિવેદીએ ખૂબ સુંદર અને મનનીય પ્રવચન આપ્યું હતું. પ્રાર્થનાનું સ્વરૂપ, તેમાં સમાવિષ્ટ થતા જરૂરી અને ઉપયોગી પાસાંઓનું વિગતવાર વર્ણન કર્યું હતું. પ્રાર્થનાનું આધ્યાત્મિક સ્વરૂપ, તેના બૌદ્ધિક ઘટકો અને તેના લાભ અંગેની વાત તેમના મંચના મોટા પડદા ઉપર સ્લાઈડ દ્વારા દર્શાવી હતી. સાથે સાથે આ પ્રાર્થના માણસની ધાર્મિક ચેતનાને કેટલી સરસ રીતે ઉજાગર કરે છે, તે વાત પણ તેમણે કહી હતી.

શાળાની પ્રાર્થના સભા અંગે તેમણે વાત કરતા જણાવ્યું કે તમામ શાળાઓ તેમના શૈક્ષણિક કાર્યની શરૂઆત પ્રાર્થનાથી જ કરે છે. આવી પ્રાર્થના દરેક વિદ્યાર્થીમાં એક સારા સંસ્કારનો ઉમેરો કરે છે. પ્રાર્થના એ સમાજના દરેક અંગ માટે જરૂરી છે.

મારા બાલમંદિરની સફળતા :

બાલવિહારના આચાર્યાબેન શ્રી જસુબેન પટેલે બાલમંદિરમાં કરવાની અગત્યની શૈક્ષણિક અને પૂરક પ્રવૃત્તિઓ વિશે પ્રકાશ પાડ્યો હતો. બાળકને સ્પર્શતા વ્યવહારો, બાળ કેળવણી માટેની મોન્ટેસરી પદ્ધતિના મહત્વ વિશે પણ તેમણે વિગતે વાત કરી. આ સાથે જીવન વિકાસની પ્રવૃત્તિ, અભ્યાસક્રમ ઈન્દ્રિય શિક્ષણ, સંગીત, રમત-ગમત, ભાષાશૈલી, વાર્તા કથન, વાલી અને શિક્ષક સાથેના વ્યવહાર કેવા હોવા જોઈએ, તેની ઉપયોગી વાત કરી હતી. આ સાથે બાલ મંદિરમાં કેવા કેવા પ્રશ્નો ઉદ્‌ભવે છે અને તેનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય તેની ઉદાહરણ દ્વારા સરસ છણાવટ કરી હતી.

આપણું લોકસંગીત :

સરસ્વતી વિદ્યામંડળની સંગીત મંડળીએ આ બેઠકને મધુર સંગીત દ્વારા રજૂ કરી સેમિનારમાં હાજર સૌ શિબિરાર્થીઓને રોમાંચિત કરી દીધા હતા. ગરબા, દુહા, છંદ, લગ્નગીતો અને લોક સાહિત્યના કથાત્મક ગીતો અને ભજનને સુરીલા સંગીત સાથે સાંકળીને ભારતીય લોકસંગીત અને સંગીતની વિવિધ કલાનો ઉઘાડ કરી આપ્યો હતો. ભરતભાઈ, હરિદાસ ગાંધર્વ, શ્રી ખ્યાતિબેન ખત્રી, શ્રી તરૂલતાબેન અને સમગ્ર સંગીત મંડળીએ આખા કાર્યક્રમને જીવંત બનાવી દીધો હતો.

તા. ૩-૫-૨૦૨૫ શનિવાર

શૈક્ષણિક સેમિનારના બીજા દિવસનો પ્રારંભ ''વાલી સંબંધો'' એ વિષયથી થયો હતો. સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના લગભગ ૧૬ જેટલા શિક્ષક મિત્રોએ ''વાલી સંબંધો'' એ વિષય ઉપર પોતાના વિચારો ઉદાહરણ સાથે રજૂ કર્યા હતા. દરેક શિક્ષકોની વાત ઉપરથી એ બાબત ફલિત થતી હતી કે દરેક શાળા અને શિક્ષકોએ વાલી સાથેના સંબંધો મજબૂત અને ઉષ્માભર્યા રાખવા જોઈએ. કોઈ પ્રશ્ન, વિવાદ કે સમસ્યા હોય તો તેને હકારાત્મક દૃષ્ટિ રાખીને તેનું નિરાકરણ લાવવું જોઈએ. આમ થવાથી વાલી તેમજ વિદ્યાર્થીનો શાળા સાથેના સંબંધોનો આત્મવિશ્વાસ વધશે. શાળાકીય કામમાં તેમનો સહયોગ વધશે. જેના લીધે શિક્ષકોનો કામ કરવાનો ઉત્સાહ બમણો થશે. આવો ઉત્સાહ શાળાના દરેક કાર્યમાં પ્રાણ પૂરશે.

પુસ્તક પરિચય

શૈક્ષણિક સેમિનારના નવતર કાર્યના ભાગરૂપે આ વર્ષે ''પુસ્તક પરિચય'' અંગેની વાત માટે જરૂરી ચર્ચા ગોઠવવામાં આવી હતી. જેમાં વક્તા તરીકે...

(૧) હેતલબેન સોલંકી
(જે. એન. બાલિકા વિદ્યાલય)

(૨) શ્રી મિરલબેન ઉપાધ્યાય
(સરસ્વતી કુમાર શાળા નં.૧)

(૩) શ્રી હિનાબેન મકવાણા
(શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય)

(૪) શ્રી નિશાબેન ત્રિવેદી
(અસારવા વિદ્યાલય)

(૫) શ્રી મૃણાલબેન ઓઝા

(જે. એન. બાલિકા વિદ્યાલય)

પુસ્તક : અમાસના તારા

લેખક : કિશનસિંહ ચાવડા

રજૂઆત : શ્રી હેતલબેન સોલંકી

જે. એન. બાલિકા વિદ્યાલય

શ્રી હેતલબેન સોલંકીએ આ પુસ્તકનો પરિચય આપતા કહ્યું કે, ''આ પુસ્તક લેખકના સમગ્ર જીવન ઉપર આધારિત છે. તેમાં કુલ ૭૬ પ્રસંગોને વર્ણવવામાં આવ્યા છે. સમગ્ર પ્રસંગોમાં લેખકે પોતાના જીવનની મર્મકથાઓને વાચા આપી છે. આ પુસ્તક ગુજરાતી સાહિત્યનું હોવા છતાં તેમાં ઘણા હિન્દી સાહિત્યના લેખકોની વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જીવનના તડકા-છાંયડાની સફરને વાર્તારૂપે આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે. આમ લેખકે પોતાના જીવનના અમાસના તારા જેવી વ્યક્તિઓને મહત્વનું સ્થાન આપી પોતાનો ઋણ ભાવ વ્યક્ત કર્યો છે.''

શ્રી હેતલબેને અમૃતા, ભણતરનો અંધાપો, આત્મ વિલોપનનો ઉત્સવ આ ચાર વાર્તાનું સુંદર રીતે રસદર્શન કરાવ્યું હતું.

પુસ્તક પરિચય

પુસ્તક : સૌરાષ્ટ્રની રસધાર

લેખક : શ્રી ઝવેરચંદ મેઘાણી

રજૂઆત : શ્રી મિરલબેન ઉપાધ્યાય

સરસ્વતી કુમાર શાળા નં. ૧

''સૌરાષ્ટ્રની રસધાર'', - શ્રી ઝવેરચંદ મેઘાણીની રસાળ કલમે આલેખાયેલી અમરકૃતિની વાત સ.કુ.શા.૧ની શિક્ષિકાબેન શ્રી મિરલબેન ઉપાધ્યાયે ખૂબ સરસ રીતે કરી હતી. આ અંગેની રજૂઆત કરતાં તેમણે જણાવ્યું કે, 'સૌરાષ્ટ્રની ભૂમિની, શૌર્ય-વટ-વચન અંગેની વાતો અદ્ભુત રીતે લખાઈ છે. રસધારાના અનેક પાત્રો એ સામાન્ય જનના પ્રતિનિધિ છે. રસધારામાં ઈતિહાસને આગવી રીતે રજૂ કરવાનો પ્રયાસ થયો છે. તેમાં જે પ્રસંગો અને ઘટનાઓ છે તેનાથી આપણને તેમાં રહેલા ઉત્તમ વિષય વસ્તુના દર્શન થાય છે ઓળીયો અને મહેમાની - એ વાર્તાનું સુંદર રજૂઆત કરી હતી. સમગ્ર સૌરાષ્ટ્રની અસ્મિતાનું દર્શન શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા અદ્ભુત રીતે થયું છે. આથી જ આ સૌરાષ્ટ્રની રસધાર - એ ગુજરાતી સાહિત્યમાં અનેરું સ્થાન પામ્યું છે.

એક બાળકીને સ્મશાને લઈ જતા

(કાવ્ય રસદર્શન)

લેખક : શ્રી ઉમાશંકર જોષી

રજૂઆત : શ્રી મૃણાલબેન ઓઝા

જે. એન. બાલિકા વિદ્યાલય

એક બાળકીને સ્મશાને લઈ જતા. રવીન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધીની ઊંડી અસર રહી છે તેવા ઉમાશંકર જોષીનું ઉત્તમ કાવ્યને શ્રી મૃણાલબેન ઓઝાએ ભાવવિભોર શૈલીમાં રજૂ કર્યું. એક બાળકીને સ્મશાને લઈ જતા સમગ્ર પ્રસંગની રજૂઆત વખતે સાંભળનાર સૌ શિબિરાર્થીઓની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. ખૂબ જ કરૂણ કાવ્યએ સમગ્ર પરિસરને ગંભીરતાથી ભરી દીધું હતું. દુઃખદ ઘટનાનું આ ચિત્રણ ડૂમા અને ડૂસકાથી ઊભરાઈ ગયું હતું. આ કાવ્યની

રજૂઆતે સૌને દુઃખની દુનિયામાં પ્રવેશ કરાવ્યો હતો. શ્રી મૃણાલબેન કાવ્યની રજૂઆતને ખૂબ ભાવવાહી શૈલીમાં ન્યાય આપ્યો હતો.

આ છે સિયાચેન - દુનિયાના વિષમ યુદ્ધક્ષેત્રની મુલાકાતનું સફરનામું

લેખક : હર્ષલ પુષ્કર્ણા

રજૂઆત : શ્રી નિશાબેન ત્રિવેદી

અસારવા વિદ્યાલય

સ્વતંત્ર ભારતની સરહદનું રક્ષણ કરનાર વીર જવામર્દ સૈનિકોને જીવવા માટે પડતી હાડમારી અને હૃદયને ધ્રુજાવી મૂકે તેવી તેમની મુશ્કેલીઓનું ચિત્રણ આ પુસ્તકમાં અદ્ભુત રીતે કરવામાં આવ્યું છે. ત્યાંનું ખરાબ વાતાવરણ જ સૈનિકોને મારી નાખે છે. ઉનાળાની સખત ગરમી કે શિયાળાની આકરી ઠંડી વખતે જો સૈનિકોના ગ્લોઝ નીકળી જાય તો તેમના અંગને કાપી નાખવામાં આવે છે.

અહીં ત્રણ વ્યક્તિની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે : (૧) હેપટર્સ (૨) ડૉક્ટર્સ (૩) પોટર્સ.

હેપટર્સમાં ૬૦૦૦ મીટર ઉપર સૈનિકો માટે સામાન લઈ જવામાં આવે છે અને પાછા ફરતી વખતે તેમાં શહીદ થયેલા સૈનિકોને લાવવામાં આવે છે. જ્યાં હેલિકોપટર્સ ન જઈ શકે ત્યાં લદ્દાખી પોટર્સ કામ કરે છે. ત્યાંના સૈનિકોને ઑક્સિજન, ફેફસામાં પાણી ભરાવું, દાંતના તેમજ માનસિક તણાવના પ્રશ્નોના ઉકેલ માટે ડૉક્ટર્સની ટીમ ખડેપગે કામ કરે છે. ખરેખર ત્યાંના સૈનિકો અને તેમને મદદ કરતી ટીમને ખૂબ ખૂબ સલામ.

શ્રી નિશાબેન ત્રિવેદીએ પોતાની ભાવવાહી આગવી શૈલીમાં પાવર પ્રેઝન્ટેશન દ્વારા રજૂઆત કરી સૌને સૈનિકો માટે અહોભાવ વ્યક્ત કરતા કરી દીધા હતા.

દીકરી વહાલનો દરિયો

સંપાદન : શ્રી વિનોદ પંડ્યા

શ્રી કાંતિ પટેલ

રજૂઆત : શ્રી હિનાબેન મકવાણા

શેઠ અ.હ.સ. વિદ્યાલય

'દીકરી વહાલનો દરિયો' આ પુસ્તકનો પરિચય શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયના મ.શિ. શ્રી હિનાબેન મકવાણાએ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત થયેલું આ પુસ્તક દીકરી માટેના પ્રેમની વાત ખૂબ સચોટ રીતે રજૂ કરે છે. શ્રી વિનોદ પંડ્યા અને શ્રી કાંતિ પટેલે ખાસ્સી જેહમત ઉઠાવીને આ પુસ્તકનું સંપાદન કર્યું છે. આ પુસ્તકમાં છત્રીસ લેખકો અને ઉત્તમ સાહિત્યકારોએ દીકરી વિશે ખૂબ ઉત્તમ વાતો કરી છે. આ પુસ્તકમાંથી પસાર થતા અને દીકરી વિશેની વાત વાંચતી વખતે વાચક ભાવવિભોર બની જાય છે.

ચિઠ્ઠી ચર્ચા

સરસ્વતી વિદ્યામંડળના સેમિનારમાં નવતર પ્રયોગોને સ્થાન આપવાની આગવી પ્રણાલી રહી છે. આ વખતે એક નવો પ્રયોગ ચિઠ્ઠી ચર્ચામાં કરવામાં આવ્યો. જેનું સંચાલન જે. એન. બાલિકાના શિક્ષિકા શ્રી મૃણાલબેન ઓઝાએ કર્યું હતું. જેમાં ચિઠ્ઠી પર ચર્ચા કઈ રીતે કરવી તે વિશે સૌને માહિતગાર કર્યા

હતા. જેમાં શિક્ષકમિત્રોએ ચિઠ્ઠી ઉપાડી શિક્ષણને લગતા પ્રશ્નોનો ઉત્સાહભેર રસમય રીતે જવાબ આપ્યા હતા. લગભગ દોઢ કલાક સુધી ચિઠ્ઠી પર ચર્ચાની મજા શિક્ષકોએ માણી હતી. શિક્ષણ જગતના વિવિધ પ્રશ્નો ઉપર સૌ ઉત્સાહી શિક્ષકોએ ગહન ચર્ચા કરી હતી. મૃણાલબેન ઓઝાના સુંદર સંચાલને આ ચર્ચામાં પ્રાણ પૂર્યો હતો..

બૃહદસભા

સરસ્વતી વિદ્યામંડળના શૈક્ષણિક કાર્યક્રમમાં શિબિર સમાપન વખતે સ.વિ. મંડળ સંચાલિત શાળામાં કામ કરતા કર્મચારી જો નિવૃત્ત થતાં હોય તો તેમને મંડળ વતી શુભેચ્છા પાઠવવામાં આવે છે. સાથે સાથે નવા જોડાયેલા શિક્ષક ભાઈ-બહેનોને આવકારવામાં આવે છે.

આ તમામ કર્મચારીઓને બુકે અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને નિવૃત્તિની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

નવા કાર્યકરોનું સન્માન :

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળામાં જોડાઈને પરિવારના સભ્ય બનનાર એવા નવા નિયુક્ત સાથી મિત્રોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આવું સન્માન નવા કર્મચારીમાં સંસ્થા પ્રત્યે આત્મીયભાવ પેદા કરે છે. શાળા માટેની તેમની મમતા અને નિષ્ઠા વધે છે. સૌ શિક્ષક ભાઈ-બહેનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ વર્ષે આ શિબિરમાં શિક્ષણને ગૌરવ અપાવે તેવો એક નવતર પ્રયોગ જોવા મળ્યો. સરસ્વતી વિદ્યામંડળના વિવિધ વિભાગોમાંથી વધુ પુસ્તકો વાંચ્યા હોય તેમનું સન્માન કરવાનો વિચાર સ.વિ. મંડળના મોવડી અને મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ કર્યો. તેના ભાગરૂપે નીચે દર્શાવેલ વાંચનપ્રિય શિક્ષકોનું સન્માન પુસ્તકની ભેટ દ્વારા કરવામાં આવ્યું હતું.

(૧) શ્રી શિલ્પાબેન રાવલ
શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય

(૨) શ્રી મૃણાલબેન ઓઝા
જે. એન. બાલિકા વિદ્યાલય

(૩) શ્રી નિશાબેન ત્રિવેદી
અસારવા વિદ્યાલય

(૪) શ્રી મિરલબેન ઉપાધ્યાય
સરસ્વતી કુમાર શાળા નં.૧

(૫) શ્રી પાયલબેન પરમાર
સરસ્વતી કુમાર શાળા-૨

(૬) શ્રી જીગીષાબેન દવે
શાંતિકુમાર કોઠારી વિદ્યાલય

આ સૌ કર્મચારીને અભિનંદન સાથે તાળીઓથી વધાવવામાં આવ્યા હતા.

સહકાર્યકરોના પ્રતિભાવ, ઋણ સ્વીકાર અને સંસ્થાગીત સાથે શિબિરનું સમાપન થયું હતું. આ શિબિરને સફળ બનાવવા શ્રી કે. ડી. પટેલ (કેમ્પસ ડાયરેક્ટર સરસ્વતી વિદ્યામંડળ કેમ્પસ) અને શ્રી દિલીપસિંહ સોલંકી (કેમ્પસ ડાયરેક્ટર, બાલભારતી) એ ભારે જહેમત ઉઠાવી શિબિરને સફળ બનાવી હતી.

સૌ આનંદ-ઉત્સાહ સાથે છૂટા પડ્યા હતા. **સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન કવા એ કર્યું હતું. તેમાં સહયોગ અને સંકલન શ્રી નિશાબેન ત્રિવેદીનું રહ્યું હતું.**

શિક્ષણ, રોજગારી, આરોગ્ય અને સામાજિક ન્યાય ક્ષેત્રે કાર્યો કરવાની ખૂબ જ જરૂર છે.

- ડૉ. ભાણજી એચ. સોમૈયા

આળસ, ઉતાવળ, અકસ્માત, ગૃહકંકાસ, વ્યસન, વ્યાભિચાર, સામાજિક અન્યાય, અત્યાચાર, છૂટાછેડા, બળાત્કાર, દુષ્કર્મ, ચોરી, કરચોરી, કપટ, બનાવટ, ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, હત્યા અને આત્મહત્યાની દુર્ઘટનાઓ આજે રોજના સમાચારો બની ગયા છે. આ માટે શિક્ષણ, રોજગારી, આરોગ્ય અને સામાજિક ન્યાય ક્ષેત્રે સમાજ અને રાષ્ટ્રના સાચા સારથીઓએ સાચી દિશામાં કાર્યો કરવાની તાતી જરૂર છે. અન્યથા આપણા અનિષ્ટોના કારણે જ આપણું અધ:પતન થશે. આત્મસન્માન અને આત્મગૌરવ સાથે જીવન જીવવું એ જ સાચું જીવન છે. બાકી તો કેટલાક માણસો પોલીસ કસ્ટડી, જેલ, અનાથાલય કે માનસિક સારવારની હોસ્પિટલમાં રાતવાસો કરે જ છે ને!

સમાજના અને રાષ્ટ્રનાં સાચા સારથીઓનો જબરદસ્ત પ્રભાવ હોય છે. પછી ભલે તેઓ એકલા કેમ પડી જતા ન હોય! આપણે સદા સ્મરણમાં રાખવું જોઈએ કે સમાજના અને રાષ્ટ્રનાં સાચા સારથીઓ ભીડમાં ક્યારેય ભાગ લેતા નથી કે ભીડનો હિસ્સો બનતા નથી. પરંતુ યાદ રહે સમાજ કે રાષ્ટ્રનો એક સાચો સારથી સમાજ અને દેશની દિશા અને દશા બદલી શકે છે. જો સમાજ અને રાષ્ટ્રના સાચા સારથીઓ સર્વોચ્ચ સત્તાધીશો અને વિશ્વ સ્તરના ભારતના ધનવાન લોકોને દેશહિતની સાચી વાત સમજાવી શકે તો અતિ અલ્પ સમયમાં ઘણો બદલાવ આવી શકે તેમ છે.

જો ભારતના સર્વોચ્ચ સત્તાધીશો અને ધનવાનો ઈચ્છે તો માત્ર ૧૦ વર્ષમાં આપણા દેશમાંથી કાયમ માટે બેરોજગારીનો પ્રશ્ન જ હલ થઈ શકે તેમ છે. ભારતના સર્વોચ્ચ સત્તાધીશો અને ધનવાનો પોતાની આવકમાંથી દર વર્ષે માત્ર ૧૦% રકમ ફાળવે તો પણ દેશમાં શિક્ષણ, રોજગારી, આરોગ્ય અને સામાજિક ન્યાયક્ષેત્રે ઘણું પરિવર્તન આવી શકે તેમ છે. આ વાત સમાજ અને રાષ્ટ્રના સાચા સારથીઓ સર્વોચ્ચ સત્તાધીશો અને વિશ્વ સ્તરના ભારતના ધનવાન લોકોને સમજાવવાનું શાણપણ ધરાવે છે.

માણસનું મગજ કે મન જ મુખ્ય છે એ વાતનો પ્રચાર-પ્રસાર સમાજ અને રાષ્ટ્રના સાચા સારથીઓ કરે તો દેશમાં ખૂબ જ ટૂંકા સમયમાં અસાધારણ પરિવર્તન આવી શકે તેમ છે. જો સમાજ અને રાષ્ટ્રના સાચા સારથીઓ 'ન્યુરલ નેટવર્ક' વિશે માહિતી આપીને સૌને આચરણ કરવાની અપીલ કરે તો આજે થતા ઘણા છૂટાછેડા, અત્યાચાર, સામાજિક અત્યાચાર, અકસ્માત, બળાત્કાર, દુષ્કર્મ, ચોરી, કરચોરી, કપટ, ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત, હત્યા અને આત્મહત્યાની દુર્ઘટનાઓ માત્ર ૧૦ વર્ષમાં નાબૂદ થઈ શકે છે. 'ન્યુરલ નેટવર્ક'ના જ્ઞાનમાં અને અમલમાં અદ્ભુત તાકાત પડેલી છે. સમાજ અને રાષ્ટ્રના સાચા સારથીઓની સક્રિયતાથી કેળવણી, કારકિર્દી, આરોગ્ય, રોજગારી અને સામાજિક ન્યાયક્ષેત્રે સકારાત્મક ક્રાંતિ થવાની સંભાવના છે. માટે હવે 'ન્યુરલ નેટવર્ક' વિશે થોડી ચર્ચા વિચારણા કરીએ.

મનુષ્યનું બ્રેઈન કે મનુષ્યનું મન કઈ રીતે કાર્ય કરે છે તે અંગે 'CONGNATIVE SCIENCE STUDY' સચોટ માર્ગદર્શન આપે છે. જો કોઈ મનુષ્ય 'CONGNATIVE SCIENCE STUDY'ના સંશોધનો અને તારણો મુજબ જીવન જીવે તો તે મનુષ્ય પોતાના મનની અકલ્પનીય શક્તિઓ ઉપયોગ કરીને સફળ થઈ શકે છે; પોતાની સર્જનાત્મકતામાં અનેકગણો વધારો કરી શકે છે; પોતાના મૂડને સદા સકારાત્મક રાખી શકે છે; પોતાનાં ભાવ, સંવેદના, સ્વભાવ, વ્યવહાર અને વર્તનમાં જબરદસ્ત બદલાવ લાવી શકે છે; પોતાના આરોગ્યમાં સુધારો લાવી શકે છે; પોતાની સ્મરણશક્તિને સતેજ બનાવી શકે છે અને પોતાના સ્વપ્નાઓ સાકાર કરી શકે છે. આ વિષયના સેમિનારો શાળા, કૉલેજ અને વિદ્યાપીઠોમાં થવા આવશ્યક છે.

'CONGNATIVE SCIENCE STUDY'ના સંશોધનો અનુસાર મનુષ્યના મગજમાં આશરે ૨૩ બિલિયન ન્યુરોન્સ આવેલા હોય છે. આ બધા જ ન્યુરોન્સ એકબીજા સાથે મજબૂત રીતે જોડાયેલા હોય છે. ન્યુરોન્સ ન્યુરોન્સના જોડાણને 'ન્યુરલ નેટવર્ક' કહેવામાં આવે છે. જ્યાં સુધી મનુષ્યનું 'ન્યુરલ નેટવર્ક' મજબૂત રહે છે ત્યાં સુધી મનુષ્યનું જીવન પણ સુખી, સમૃદ્ધ અને નિરોગી રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો જો મનુષ્યનું 'ન્યુરલ નેટવર્ક' નબળું રહે છે તો મનુષ્યનું જીવનમાં દુઃખ, ગરીબી અને બીમારીનું આગમન થાય છે.

'CONGNATIVE SCIENCE STUDY'ના સંશોધનો મુજબ લોકોની દિલથી સેવા કરવાથી, નવું-નવું જોવાથી, નવું-નવું વાંચવાથી, નવું-નવું શીખવાથી, નવું-નવું સાંભળવાથી, નવું-નવું લખવાથી, નવી-નવી નોંધો કરવાથી, નવા-નવા પડકારોનો સામનો કરવાથી, નવા-નવા કાર્યો કરવાથી અને જીવન ધ્યેય લખવાથી મનુષ્યનું 'ન્યુરલ નેટવર્ક'ને મજબૂત રાખી શકાય છે અને બ્રેઈનના પાવરને વિકસિત કરી શકાય છે. 'ન્યુરલ નેટવર્ક'ના જ્ઞાનનો લાભ બાળકો અને વિદ્યાર્થીઓને મળે તો તેઓ સારી આદતોને વિકસાવીને તેમજ ખરાબ કુટેવોને દૂર કરીને પોતે પોતાની મેળે અસામાન્ય સફળતા પ્રાપ્ત કરી શકે છે.

કોઈપણ બાળકની સફળતા કે નિષ્ફળતામાં માતા-પિતાની પ્રાથમિક શિક્ષકોની ભૂમિકા ખબૂ જ અગત્યની છે. માતા-પિતા કે પ્રાથમિક શિક્ષકો પાસેથી બાળક પ્રત્યક્ષ કે પરોક્ષ જે શીખે છે તેની અસર કે કુઅસર બાળકના વિકાસમાં જબરદસ્ત પડે છે. જો માતા પોતાના સંતાનોને ચાર પાંચ વર્ષ સુધી પ્રેમ અને હૂંફથી સ્તનપાન કરાવે તો બાળકોનું 'ન્યુરલ નેટવર્ક' બેસ્ટ રહે છે, તેની તંદુરસ્તી શ્રેષ્ઠ રહે છે અને ઈમોશનલ કોશન પણ ઊંચું રહે છે.

જેમ જેમ વિદ્યાર્થીઓ મોટા થાય તેમ તેમ તેઓને માતા-પિતા, શિક્ષકો, ગુરુઓ, અધ્યાપકો, આચાર્યો અને સંતો તરફથી સાચા સ્નેહ, સાચા શાણપણ, સાચી સેવા અને સાચા સમર્પણની સમજ આચરણ દ્વારા પ્રાપ્ત થાય તો વિદ્યાર્થીઓમાં સેવા, સંસ્કાર, સંયમ, સહનશક્તિ, સંતોષ, શિસ્ત, સારી આદતો, કરકસર અને બચત જેવા સદ્‌ગુણો આપોઆપ વિકસી શકે છે. જો માતા-પિતા અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલી નાની-મોટી સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવવામાં અને તેઓનું જાહેર સન્માન કરવામાં આવે તો આવા વિદ્યાર્થીઓ માટે સફળ થવાની શક્યતાઓ અનેકગણી વધી જાય છે. આ

બધાથી 'ન્યુરલ નેટવર્ક' મજબૂત બને છે.

ઘર જ બાળકો માટે નર્સરી, ગાર્ડન, પ્લે ગ્રાઉન્ડ, સ્કૂલ કે લાઈબ્રેરી બની જાય તો આવા ઘરનું વાતાવરણ કે ભાવાવરણ સકારાત્મક, સર્જનાત્મક અને પ્રેમાળ બની જાય છે તેમજ આવા ઘરોમાં ઉછરેલા બાળકોનો બૌદ્ધિક વિકાસ ખૂબ જ સારો રહે છે. જે ઘણા પરિવારના સભ્યોમાં સ્નેહ, ક્ષમા, આદર, કદર અને આભાર જેવા સદ્‌ગુણો ભરપૂર હોય તેવા ઘર પરિવારમાં ઉછરેલા સંતાનો મોટા થતા તેઓનો શારીરિક, માનસિક, વૈચારિક, ભૌતિક, પારિવારિક, સામાજિક, વ્યવસાયિક અને આધ્યાત્મિક વિકાસ સમતોલ રહે છે.

ઘર, પરિવાર કે વ્યવસાયમાં એકતા લાવવાની હોય, લગ્નજીવનને મધુર બનાવવું હોય, ઘરમાં સમૃદ્ધિનું સામ્રાજ્ય સ્થાપવાનું હોય, વ્યવસાયમાં પુષ્કળ નફો કમાવવો હોય, સબંધોને સુદૃઢ બનાવવા હોય, શરીરને સુરક્ષિત અને નિરોગી રાખવું હોય તો સ્નેહ, ક્ષમા, આદર, કદર અને આભાર જેવા સદ્‌ગુણોનું જીવનમાં અનિવાર્યપણે અમલ કરવો જ જોઈએ. જીવનમાં સદ્‌ગુણો જ સફળતા અપાવે છે અને દુર્ગુણો નિષ્ફળતા અપાવે છે. સંતાનો, બાળકો કે વિદ્યાર્થીઓમાં સદ્‌ગુણોનો વિકાસ કરવો એ માતા-પિતા, શિક્ષકો, અધ્યાપકો, આચાર્યો અને સંતોને મુખ્ય જવાબદારી છે.

જો આપણે મનની શક્તિનો વધુમાં વધુ ઉપયોગ કરવો હોય તો શરીર માટે કસરત, મન માટે મૌનની આદત પાડવી જોઈએ તેમજ ખોરાક લેવામાં વિવેક અને સંયમ પાળવો જોઈએ. તમાકુ ખાવાની ટેવ અને આલ્કોહોલ લેવાની આદત મનુષ્યના મધુર જીવનને લાંબા ગાળે ઝેર જેવું બનાવી દે છે તે સદા સ્મરણમાં રાખવું જોઈએ. વહેલી સવારે ૩૦ મિનિટ ચાલવાની ટેવ સવારે સુગરયુક્ત નાસ્તો કરવાની આદત આરોગ્ય માટે અતિ ઉત્તમ છે. જો કામ કરવામાં વધારે બેસવાનું થતું હોય તો દર એક કલાકે ૨ મિનિટ ચાલવાની આદત અને પાણીનો અડધો ગ્લાસ પીવાની આદત લાભદાયક છે. આ બધી સારી આદતોને કારણે ઊંઘ પણ સારી આવે છે.

જીવાતી જિંદગીમાં અને વિશેષ કરીને વિદ્યાર્થી જીવનમાં યાદશક્તિ મહત્ત્વનો ભાગ ભજવે છે. સારી યાદશક્તિ કેળવવા ધ્યાન, રસ, જિજ્ઞાસા, આતુરતા અને એકાગ્રતાપૂર્વક વાંચવું જોઈએ. પુસ્તક વાંચતી વખતે અલગ અલગ સહીવાળી પેનથી અન્ડરલાઈન કરવાની આદત વિકસાવવી જોઈએ. વાંચન સામગ્રીના મહત્ત્વના મુદ્દાઓ એક નોટબુકમાં અલગથી લખવા જોઈએ અને વારંવાર વાંચવા જોઈએ. શાળા કે કૉલેજમાં શિક્ષક કે અધ્યાપક ભણાવતા હોય ત્યારે શાંતિથી સાંભળવું જોઈએ અને તેઓ જે બ્લેક બોર્ડમાં લખે છે; તેને તરત જ એક નોટબુકમાં લખવું જોઈએ અને ઘેર જઈ તેની અલગથી જ એક નોટબુક તૈયાર કરી નિયમિત વાંચવી જોઈએ.

લખેલું સૌથી વધારે ઝડપથી યાદ રહેતું હોવાથી પરીક્ષાલક્ષી માહિતી લેખિત રૂપે જ તૈયાર કરવી જોઈએ. વહેલી સવારે અને સાંજે સૂતી વખતે વધુ સારું યાદ રહે છે; માટે વહેલી સવારે અને સૂતી વખતે વાંચવાનું ટાઈમટેબલ બનાવવું જોઈએ. સારી યાદશક્તિ માટે ભૂલવાની વાતો ભૂલવી ખૂબ જ અનિવાર્ય છે; માટે અપ્રિય વાતો મનમાંથી જેમ બને તેમ જલ્દી ભૂલવી જોઈએ કારણ તે સારી યાદશક્તિ માટે અવરોધક છે. આશા રાખીએ કે સમાજ અને રાષ્ટ્રના સાચા સારથીઓ આ બાબતે યોગ્ય કરશે.

શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

તંત્રી નોંધ : ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

ધોરણ-૧૦-૧૨ની વર્ષ ૨૦૨૬ની બોર્ડ પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી લેવાશે તેમજ વાર્ષિક પરીક્ષા નવ એપ્રિલથી લેવામાં આવશે :

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું શાળાઓ માટેનું એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં શાળાઓમાં નવું સત્ર નવમી જૂન ૨૦૨૫થી શરૂ થશે અને ત્યારબાદ પ્રથમ પરીક્ષા ૧૧મી સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૧૬ ઓક્ટોબરથી શાળાઓમાં દિવાળી વેકેશન શરૂ થશે. જ્યારે દ્વિતીય-બીજી પરીક્ષા-પ્રિલિમ પરીક્ષા ૧૬મી જાન્યુઆરીથી શરૂ થશે. અને વર્ષ ૨૦૨૬માં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા ૨૬મી ફેબ્રુઆરીથી શરૂ થશે.

શૈક્ષણિક વર્ષમાં શિક્ષણના દિવસો અને કેટલી રજાઓ રહેશે.

સત્ર-વેકેશન	દિવસ
પ્રથમ સત્રમાં શિક્ષણના દિવસો	૧૦૫
દિવાળી વેકેશનના દિવસો	૨૧
બીજા સત્રમાં શિક્ષણના દિવસો	૧૪૪
ઉનાળુ વેકેશનના દિવસો	૩૫
જાહેર રજાઓ	૧૫
સ્થાનિક રજાઓ	૦૯

ચાલુ વર્ષની ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પૂરક પરીક્ષા જૂન માસમાં શરૂ થશે. જ્યારે ધોરણ-૯ની પ્રખરતા શોધ કસોટી ૨૮મી જાન્યુઆરીએ લેવાશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું આ વર્ષે ૧૫૨ કરોડથી વધુનું બજેટ :

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નું મંજૂર થયેલું બજેટ ૧૫૨ કરોડથી વધુનું છે. જેમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષા ફીની આવક ૪૧.૮૦ કરોડની છે. જો કે ૨૦૨૪-૨૫માં ૧૪૯.૨૮ કરોડનું બજેટ હતું. આમ ગયા વર્ષ કરતાં, આ વર્ષે બજેટ વધ્યું છે પરંતુ ૨૦૨૩-૨૪માં મૂળ બજેટ ૧૯૩ કરોડથી વધુનું અને સુધારેલ બજેટ ૧૮૬.૮૨ કરોડથી વધુનું હતું. આમ બે વર્ષમાં બોર્ડનું બજેટ ઘટ્યું છે. બે વર્ષમાં વિદ્યાર્થીઓ ઘટતાં

બજેટના કદમાં રૂપિયા ૩૪ કરોડનો ઘટાડો નોંધાયો છે.

પ્રાથમિક અને માધ્યમિક સરકારી શાળાઓમાં એકમ કસોટી બંધ કરવામાં આવી :

આ વરસના જૂનથી શરૂ થતા ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષથી એકમ કસોટી બંધ કરી દેવાશે. એકમ કસોટી હેઠળ રાજ્યની ૪૦,૦૦૦ (ચાલીસ હજારથી) વધુ પ્રાથમિક અને માધ્યમિક સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં સાપ્તાહિક, પખવાડિક અને માસિક એકમ કસોટી લેવાતી હતી. તેના કારણે શિક્ષકો પર કામનો બોજ વધતો હતો. પરીક્ષાનો તણાવ પણ રહેતો હતો. આ મુશ્કેલી ધ્યાનમાં લઈ નવા શૈક્ષણિક સત્રથી એકમ કસોટી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

JEE માં ગુજરાતના બે વિદ્યાર્થીને ૧૦૦ પર્સેન્ટાઈલ, પાંચ વિદ્યાર્થી ટોપ ૧૦૦માં :

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જેઈઈ મેઈન સેશન-૨ની પેપર-૧ (બી.ઈ.ટેક) પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. તેની સાથે કોમન રેન્ક લિસ્ટ તેમજ એડવાન્સ પરીક્ષા માટેના કટ ઑફ માર્કસ જાહેર થયા છે. જેમાં દેશના ૨૪ વિદ્યાર્થીઓને પૂરા ૧૦૦ પર્સેન્ટાઇલ મળ્યા છે. તેમાં ગુજરાતના બે વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ગુજરાતના કુલ પાંચ વિદ્યાર્થીઓએ દેશના ટોપ ૧૦૦ રેન્કમાં સ્થાન મેળવ્યું છે. અમદાવાદના શિવેન તોશનિવાલે પૂરા ૧૦૦ પર્સેન્ટાઈલ સાથે દેશમાં નવમો રેન્ક મેળવી દેશના ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું છે. ટોપ ૧૦૦માં આવેલા ગુજરાતના પાંચ વિદ્યાર્થીઓના નામ આ મુજબ છે.

(૧) શિવેન તોશનિવાલ, (૨) આદિત ભગાડે, (૩) આગમ શાહ, (૪) કલ્પ શાહ, (૫) મોહિત અગ્રવાલ

ઘરશાળા માસિક તરફથી સૌને અભિનંદન.

ડિગ્રી-ડિપ્લોમાના જૂના વીસ હજાર વિદ્યાર્થીને પાસ થવા જીટીયુ દ્વારા ફરી તક :

જીટીયુ દ્વારા ડિગ્રી અને ડિપ્લોમાના જૂના નાપાસ વિદ્યાર્થીઓને બેકલોગ ક્લિયર કરવા માટે એટલે કે જે વિષયમાં નાપાસ થયા હોય તે વિષયોની પરીક્ષા આપી પાસ થવા માટે ફરીવાર એક અંતિમ તક આપી છે. જીટીયુમાં જૂના વિદ્યાર્થીઓની આ માટે રજૂઆત હતી. જેથી જીટીયુ દ્વારા ફરી તક આપવાનો નિર્ણય લેવાયો છે. હાલ જીટીયુમાં પ્રથમ બેચથી લઈને અત્યાર સુધીના વિવિધ ડિગ્રી-ડિપ્લોમા કોર્સીસના નાપાસ હોય તેવા જૂના ૨૦ વીસ હજારથી વધુ વિદ્યાર્થીઓ છે. આ પ્રકારના વિદ્યાર્થીઓને આ અંતિમ તક છે.

ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ - પીટીસી કૉલેજોના શિક્ષકો અને કર્મચારીઓને ફાજલનું રક્ષણ :

ગુજરાતમાં હાલ ૩૫ જેટલી ગ્રાન્ટેડ પીટીસી કૉલેજો છે અને ૫૦૦ જેટલી ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ છે. પીટીસી કૉલેજો અને

શાળાઓમાં વર્ગો ઘટતા-વિદ્યાર્થી સંખ્યા ઘટતા કે શાળા-કૉલેજો બંધ થવાની સ્થિતિમાં અનેક શિક્ષકો-કર્મચારીઓ ફાજલ થાય તેમ હોવાથી તેમને રક્ષણ આપવા માટે સરકારમાં રજૂઆતો થઈ હતી. જેના પગલે શિક્ષણ વિભાગ દ્વારા તેમને રક્ષણ આપવાનો ઠરાવ કરાયો છે. જે મુજબ ૨૮૦૦ જેટલા શિક્ષકો અને વહીવટી કર્મચારીઓને ફાજલનું રક્ષણ મળશે. એટલે કે હવે પછી તેમને ફાજલ કરવામાં નહિ આવે.

યુજી કોર્સ નિયત સમયથી વહેલો પૂરો કરી શકાશે. ભરતીમાં પણ આ ડિગ્રી માન્ય ગણાશે :

યુજીસી દ્વારા યુજી અને પીજી ડિગ્રી કોર્સિસ માટેના મિનિમમ સ્ટાન્ડર્ડ ટાઈમ તેમજ ડિગ્રી ગ્રાન્ટ કરવા સહિતના ઈન્સ્ટ્રક્શન્સ સાથેના નવા રેગ્યુલેસન્સ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીને એક્સલરેટ ડિગ્રી પ્રોગ્રામ, ADP અંતર્ગત એકથી બે સેમેસ્ટર વહેલો કોર્સ પૂરો કરવાની તક આપવામાં આવી છે. જ્યારે એક્સેટેન્ડેટ ડિગ્રી પ્રોગ્રામ EDP અંતર્ગત વિદ્યાર્થીને ૩ થી ૪ વર્ષના નિયત સમય કરતા વધારાના બે સેમેસ્ટર કોર્સ પૂરો કરવા મળશે. આ બંને પ્રકારે મેળવેલી ડિગ્રી UPSC કે સ્ટેટ પબ્લિક સર્વિસ કમિશનથી માંડી તમામ સરકારી - ખાનગી નોકરીઓ - ભરતીઓમાં માન્ય ગણવા માટે પણ યુજીસી દ્વારા ગાઈડ લાઈન અપાઈ છે.

વિદ્યાર્થી વહેલા ઈચ્છે તો બે સેમેસ્ટર મોડો પણ કોર્સ પૂરો કરી શકશે. બન્ને બાબતનો ડિગ્રીમાં ઉલ્લેખ થશે. વિદ્યાર્થી અભ્યાસ અધવચ્ચેથી છોડે તો સાત વર્ષ સુધીમાં ફરી પ્રવેશ લઈ શકશે.

ટૂંકાવીને...

- શૈક્ષણિક સ્વતંત્રતા અને અભિવ્યક્તિ સામે આજે યુનિવર્સિટી શિક્ષણમાં જોખમ વધ્યું છે

  - શશી થરૂર

- પારૂલ યુનિવર્સિટીના ઓનલાઈન - ડિગ્રી પ્રોગ્રામ માટે AICTE અને યુજીસીની મંજૂરી. હવે ઓનલાઈન ડિગ્રી એ ઑફ લાઈન ડિગ્રીની સમકક્ષ ગણાશે. - ભારત સરકાર
- Ph.D. પ્રવેશ હવે સરકારના પોર્ટલથી નહીં થાય. યુનિવર્સિટીઓ પોતે કરશે.
- યુજી-પીજીમાં વિદ્યાર્થીને આ વર્ષે ચોઈસ મુજબ એક કરતા વધુ બેઠક ઓફર થશે.
- સરકાર દ્વારા ટેકનિકલ શિક્ષકોની બઢતી અને બદલીના ઓર્ડર કરાયા. સરકાર ડિગ્રી ઈજનેરી કૉલેજોના ૧૫૯ અધ્યાપકોની બઢતી સાથે બદલી અને ૭૦ અધ્યાપકોની બદલી કરવામાં આવી.
- નેશનલ મેડિકલ કમિશન દ્વારા કૉલેજો માટે નવો નિયમ, મેડિકલ કૉલેજોમાં હવે આધાર લિન્કેજ ફેસ બેઝ બાયોમેટ્રિક હાજરી પૂરાશે.

પ્રકાશન વિભાગ



શિક્ષણપ્રયોગ
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર

ડોલ્ટન યોજના
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



વિરલ વિદ્યાપુરુષ
ડૉ. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ



શિક્ષણ વિચાર
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



જીવનલક્ષી શિક્ષણ
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



કોઈએ નહોતું કીધું
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર

સ્મરણયાત્રા
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



સપનાં થયાં સાકાર
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

સ્મૃતિ સુમન
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

કાળી વાદળી ઉજળી કોર
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



સ્મૃતિના અસવાર
જશીબેન નાયક
કિંમત : ૭૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

LIGHT IN THE EAST
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW


સંભારણાં
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


સ્મૃતિ ઝરણાં
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


સ્મરણ પુષ્પ
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW

સરદાર ગાથા
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

ઘરશાળા
જુલાઈ-૨૦૨૫
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

દુનિયાનો દાતાર

ધરતીનો ધારણહાર આવ્યો, ભાઈ,
તરણાનો તારણહાર આવ્યો, ભાઈ,
હીરામોતીથી મોઘેરા હાર,
અમૃતબિન્દુના રૂપેરી તાર,
રામની ધેનુના દૂધની ધાર,
મીઠાઈના ભાર,
બાળગોપાળને કાજ લાવ્યો, ભાઈ,
મામો મીઠો મેઘરાજ આવ્યો, ભાઈ. ધરતી૦
આભ માંહે એણે ડંકા વગાડ્યા,
સૂતેલા ઈન્દરરાજ જગાડ્યા,
રાજાએ મેઘના મંડપ બાંધ્યા,
જગનને માંડ્યા,
દેવ તણે દરબાર આવ્યો, ભાઈ,
ઈન્દરનો છડીદાર આવ્યો ભાઈ. ધરતી૦
માટીની ચાદર ઓઢી સૂતેલા,
જાગી ઊઠ્યાં બીજ વેલી ને વેલા,
હૈયે ઝર્યા માને પ્રેમના રેલા,
સુધાના ભરેલા,
જીવનના સંદેશ લાવ્યો, ભાઈ,
મહેનતના સંદેશ લાવ્યો, ભાઈ. ધરતી૦
ધરતીએ પંક પલંગ બિછાવ્યા,
મોરબપૈયાના નાચ નચાવ્યા,
ધાન રિઝાવી ખેડુએ સુવાડ્યા,
ઢબૂરી ઊંઘાડ્યા,
દુનિયાનો દાતાર આવ્યો, ભાઈ,
અમૃતનો અવતાર આવ્યો, ભાઈ. ધરતી૦

— સુન્દરમ્

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું